13BGS2



# સોનેરી કિરણો



ક્લેરા તીમોથીભાઈ ક્રિશ્ચિયન

13BG82 110

# સોનેરી કિરણો

- ક્લેરા ક્રિશ્ચિયન

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

- **પ્રકાશક :**

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવા સદન,

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

- લેખક :

**શ્રીમતી કલેરાબહેન તિમોથીભાઈ ક્રિશ્ચિયન**

- પહેલી આવૃત્તિ : ૨૦૦૬ પ્રત ૫૦૦

- **કિંમત :** રૂા. ૪૦ - ૦૦

- **મુદ્રક :**

**સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ**

૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,

મિરઝાપુર કોર્ટ સામે,

મિરઝાપુર, અમદાવાદ.

ફોન : ૬૫૪૪૬૬૨૯, ૬૫૧૨૭૭૦૦



દાદા સ્વર્ગસ્થ રેવ. જોનભાઈ ગંગારામ ક્રિશ્ચિયન તથા દાદી સ્વર્ગસ્થ નાથીબહેન જોનભાઈ, જેઓએ અલાયન્સ મિશનમાં લાંબો સમય પાળક તરીકેની સેવા આપી હતી.

આ પુસ્તકના પ્રકાશન પેટે દોહિત્રી શ્રીમતી ક્લેરાબહેન ટી. ક્રિશ્ચિયન તરફથી રૂા. ૫૦૦૦/- નું દાન મળેલ છે. આભાર.

## પ્રસ્તાવના

બાળકો માટે ખ્રિસ્તી સાહિત્ય ખૂબ ઓછા પ્રમાણમાં છે. જે છે તે માટે પ્રભુનો આભાર માનીએ. આ ખાસ સેવામાં સંકળાયેલા તમામને માટે પ્રભુનો આભાર માનીએ.

શ્રીમતી ક્લેરાબહેન ટી. ક્રિશ્ચિયન વ્યવસાયે શિક્ષિકા છે. સાથે સાથે બાળકો માટેની ખ્રિસ્તી સેવામાં વિવિધ રીતે તેઓ સંકળાયેલા છે. બાલવાડીના તંત્રીમંડળના તેઓ સભ્ય તરીકે સેવા આપે છે.

તેઓનું આ પુસ્તક બાળકોના હાથમાં મૂકતા આનંદની લાગણી અનુભવું છું આશા તથા પ્રાર્થના છે કે, તમે આ પુસ્તકને વધાવી લેશો. ખાસ કરીને બાળકોને વાંચવા ઉત્તેજન આપશો.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રીમતી ક્લેરાબહેન ટી. ક્રિશ્ચિયન તરફથી રૂા. ૫૦૦૦/- નું દાન મળેલ છે. ઉપરાંત સ્વ. રેવ. પી. કે. ફાર્મર સાહેબની પ્રેમભરી યાદમાં તેમના બાળકો તરફથી રૂા. ૨૨૦૦/-નું દાન મળેલ છે.

**સાહિત્ય સેવા સદન**
**એલીસબ્રીજ,**
**અમદાવાદ-૩૮૦૦૦૬.**
**જૂન/૨૦૦૬**

પ્રેમભાવથી,
રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી.

## પહેલા થોડુંક

*બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ. તેમાં ચાલવાનું તેને શિક્ષણ આપ એટલે તે વૃદ્ધ થશે ત્યારે તેમાંથી તે ખસશે નહિ.*

*(ગીતશાસ્ત્ર)*

વિશ્વરૂપી બગીચાના ખીલેલાં પુષ્પો જેવાં સોહામણાં નિર્દોષ વહાલાં વહાલાં ભૂલકાંઓ....પ્રભુઈસુના મધુર નામમાં પ્રેમી સલામ.

પ્રભુએ જીવનમાં ભરપૂર આશીર્વાદ આપ્યાં. લેખનનું કૃપાદાન આપ્યું. નવરાશની પળોમાં વાર્તા રચવા માટે સુંદર વિચારો, અમૂલ્ય શબ્દો પૂરા પાડ્યાં, માટે ઈશ્વરપિતાનો ખૂબ જ આભાર માનુ છું. મારી વાર્તાઓ બાલવાડી, ખ્રિસ્તીબંધુ, જીવનસન્માર્ગ, ગુજરાત સમાચાર, પંચાયત મિત્ર, ઓળખ, નવસાક્ષરબંધુના માધ્યમ દ્વારા આપ સર્વએ વાંચી છે.

પ્રભુના મહિમાને અર્થે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી, અમદાવાદ દ્વારા મારી વાર્તાઓને **"સોનેરી કિરણ"** નામના પુસ્તકનું સ્વરૂપ આપવામાં આવ્યું, માટે પ્રમુખ રેવ. ડૉ. નિકોલસ જી. પરમાર, ઉપપ્રમુખ રેવ. સાયમન બ્રેનાર્ડ, સેક્રેટરી રેવ. હેમંતકુમાર પરમાર, ટ્રેઝરર શ્રી દત્તાનંદ એમ. ક્રિશ્ચિયન, બિઝનેસ આસીસ્ટન્ટ, ડી.સુ.

અને બાલવાડીના તંત્રી રેવ. ઈમાનુએલ એસ. કાન્ત તથા કાર્યવાહક સમિતિના સભ્યોનો ખૂબ જ આભાર માનું છું.

લખવા માટે પ્રેરણા પૂરી પાડવામાં સ્વ. શ્રી ભગવત પ્રસાદ ચૌહાણ, સ્વ. રેવ. ડૉ. જયાનંદ ચૌહાણ , કવિશ્રી યોસેફ મેકવાન, ખેડા જિલ્લા પંચાયત, શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ અને શિક્ષક મિત્રો જેઓએ મારી વાર્તાઓ વાંચી, માણી અને પ્રોત્સાહન આપ્યું છે તે સર્વની હું ઋણી છું.

સાથે સાથે મારા પરિવારજનોને કેવી રીતે ભૂલી શકું ? મારા પતિ શ્રી વિજયકુમાર, દીકરો રેવ. ક્રિસ્પસ, પુત્રવધુ સિલ્વાના, પૌત્ર રેઝીન (કેની), દીકરી નેન્સી, જમાઈ જોસેફ, પૌત્ર નોએલ જે સર્વ મને સહાયરૂપ બન્યાં છે માટે તેમનો હૃદયના ઊંડાણથી આભાર માનું છું.

સમાજના વાચકવર્ગ જેઓએ મારી વાર્તાઓ વાંચી, માણી, પત્રો દ્વારા અથવા રૂબરુ મુલાકાત કરી પ્રોત્સાહન આપ્યું છે એ સર્વનો પણ આભાર.

મારી કૃતિઓ દ્વારા કેવળ પ્રભુપિતાને જ માન અને મહિમા મળે તેવી પ્રાર્થના સાથે.

**ક્લેરા ક્રિશ્ચિયન**

"નેન્સી", ક્રિશ્ચિયન સોસાયટી,
મ્યુનિ. બાગ પાસે, મહેમદાવાદ,
જિ. ખેડા - ૩૮૭૧૩૦

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | Thank you, રેઝીન ! | ૧ |
| ૨ | કોમળ કિરણો | ૩ |
| ૩ | અભિમાન ઉતરી ગયું | ૭ |
| ૪ | અનમોલ સ્વપ્ન | ૯ |
| ૫ | સ્વપ્નની પ્રાર્થના - આવ રે વરસાદ | ૧૧ |
| ૬ | દેવના કરારનું ચિહ્ન | ૧૩ |
| ૭ | ઘાયલ સૈનિક | ૧૫ |
| ૮ | ચોરીનું ફળ | ૧૭ |
| ૯ | ખૂન કરવું નહિ | ૨૦ |
| ૧૦ | નાણાં કે ના નાગ બચ્યાં | ૨૨ |
| ૧૧ | ઈનામ | ૨૪ |
| ૧૨ | કેતન અને જાદુગરા | ૨૬ |
| ૧૩ | જય કોનો ? | ૨૯ |
| ૧૪ | આપણા કાજે | ૩૨ |
| ૧૫ | દેવનું રક્ષણ | ૩૪ |
| ૧૬ | ચાર ચોરનું નવું વર્ષ | ૩૬ |
| ૧૭ | લોભી ધનાચંદ | ૪૦ |
| ૧૮ | નાતાલનું મહત્ત્વ | ૪૧ |

૧૯ નાતાલના પ્રતીકો ........................ ૪૪

૨૦ નવા વર્ષની જરૂરિયાતો .................... ૪૮

૨૧ થોડોક વિલંબ ........................ ૫૧

૨૨ વિશ્વાસુપણું ........................ ૫૩

૨૩ બદલાણ ........................ ૫૬

૨૪ હામનો દિવ્ય પ્રેમ ........................ ૬૦

૨૫ બાળપણનો સમય ........................ ૬૩

૨૬ શ્રેષ્ઠ જીવન જીવવાની ચાવી ................ ૬૫

૨૭ સાચો મિત્ર ........................ ૬૭

૨૮ નવી દિશા ........................ ૬૯

# ◈◈ Thank you, રેઝીન ! ◈◈

(સત્ય ઘટના ઉપર આધારિત)

૫ મી ફેબ્રુઆરી ૨૦૦૬, રવિવારનો દિવસ હતો. ક્રિશ્ચિયન એન્ડ મિશનરી અલાયન્સની ઘણી મંડળીઓ ગુજરાતમાં આવેલી છે. એક નવી મંડળીની શરૂઆત આ શુભ દિવસે કરવાની હતી. નડિયાદ ખાતે મયૂરી સોસાયટીમાં આવેલ સંસ્કાર વિદ્યાલયમાં આ મંડળીની શરૂઆતનો પ્રથમ રવિવાર હતો. તેમાં ભાગ લેવા માટે દાદા અને દાદી સાથે રેઝીન અને નોએલ પણ જવા તૈયાર થયા.

મહેમદાવાદથી નડિયાદ જતી બસમાં સૌ બેઠા. બસમાં પેસેન્જર થોડા હતા. ત્રણની સીટ પર રેઝીન અને નોએલ દાદી સાથે બેઠા. બેની સીટ પર દાદા બેઠા. દાદાએ પોતાના હાથમાંની થેલી બસની અભરાઈ ઉપર મૂકી. બસ સડસડાટ દોડતી હતી. વાતો અને આનંદમાં નડિયાદ આવી ગયું.

સરદાર ભવનના સ્ટેન્ડ ઉપર દાદા દાદી બાળકો સાથે ઉતરી ગયા. સમયસર પહોંચવા માટે તરત જ રીક્ષામાં બેઠા. રીક્ષા ઉપડી. ઓવરબ્રીજ ઉપર અડધે રીક્ષા પહોંચી અને....દાદાને કંઈક યાદ આવ્યુ. બાવરા થઈને બોલી ઉઠ્યા... "મારી થેલી ?"

થેલીમાં બાઈબલ, ભજનસંગ્રહ અને એક કેમેરો હતો. કેમેરા કરતાંય અગત્યની વસ્તુ તો તેમાં રહેલા રોલની હતી. કેમ કે ૩૧મી જાન્યુઆરીએ ગાંધીનગરના કૃષિભવનની ઓફિસથી દાદા નિવૃત્ત થયા હતા. તે વિદાયસમારંભના ફોટા તેમાં પાડેલા હતા હવે ?

રીક્ષા પાછી વાળી. પૂરપાટ ઝડપે નડિયાદના નવા બસસ્ટેશને પહોંચી. દાદા લગભગ દોડતા જ એસ.ટી.ડેપોની

કન્ટ્રોલરની ઓફિસે ગયા. બધી વાત કરી. ત્યાંથી કહેવામાં આવ્યું કે હમણાં જ મહેમદાવાદથી ૫૧૨ નંબરની બસ આવી હતી, પણ તરત જ ખેડા જવા ઉપડી ગઈ છે. તમારે ખેડા જવું પડશે.

નિરાશ વદને દાદા પાછા ફર્યા. બધી વાત રેઝીન, નોએલ અને દાદીને કરી. ત્યાં જ રેઝિન બોલી ઉઠ્યો, "દાદા, આપણે જે બસમાં બેઠા હતા તેનો નંબર ૫૧૨ નહીં પણ ૨૧૨૪ હતો." ૭ વર્ષના રેઝીનની વાત સાચી માનવી કે નહિં, છતાંય કંઈક આશા સાથે દાદા પાછા કન્ટ્રોલરની ઑફિસે ગયા.

આ બાજુ દાદી, રેઝીન અને નોએલ રીક્ષામાં બેસી ચિંતા કરતા હતા. ત્યાં જ બસ સ્ટેશનમાંથી એક બસ બહાર આવી. રેઝીન તો કુદીને ઊભો થઈ ગયો. "દાદી, દાદી, આપણે બેઠા હતા તે જ બસ આવી. જુઓ ૨૧૨૪ નંબરની બસ." દાદી રીક્ષામાંથી ઉતરી ગયા. હાથ કરી બસને થોભાવી. બસમાં ચડીને થેલી વિશે વાત કરી થેલી મળી ગઈ. એટલામાં દાદા આવ્યા, થેલી મળ્યાનો બધાને ખૂબ આનંદ થયો.

પણ...ચર્ચાનો વિષય બધાને મળી ગયો. રેઝીને નંબર કઈ રીતે યાદ રાખ્યો ? શું તેને ખબર હતી કે થેલી ભૂલાઈ જવાની છે ? ના, બસના નંબર વિશેની ચર્ચા બસમાં થઈ જ નથી. પરંતુ રેઝીનને વાહનોના નંબર વાંચવાની ટેવ હતી. અનાયાસે જ નંબર વાંચી લીધો હશે. પછી તો બીજી વાતોમાં ઘણો સમય વીતી ગયો. છતાં જ્યારે કઈ બસ હતી તે શોધવાનું વિચાર્યું ત્યારે રેઝીને તરત જ બસનો નંબર જણાવી દીધો. કોમ્પ્યુટરમાં મેમરી બટન દબાવતાં ભૂલાયેલા આંકડા ફરી બારી પર દેખાય બસ, તેવી જ રીતે, જો

સહેજ શરતચૂક થઈ ગઈ હોત અને બસ સ્ટેશનની બહાર નીકળી ગઈ હોત તો વસ્તુઓ પાછી ન મળત.

૭ વર્ષનો રેઝીન સેવન્થ ડે સ્કૂલમાં સેકન્ડ કલાસમાં અભ્યાસ કરે છે. વાહનનો નંબર વાંચવાની તેવી ટેવ...સારી પૂરવાર થઈ. બધાંએ તેને અભિનંદન આપ્યા. દાદાએ તેને ઈનામ આપ્યું. આખો દિવસ તેની ચર્ચા થતી રહી. નેન્સીફોઈ અને જોસેફ ફુવાએ પણ અભિનંદન આપ્યા. બધાએ કહ્યું "થેક્યું રેઝીન."

રાત્રે ક્રિસ્પસ પપ્પા અને સિલ્વાના મમ્મીની સાથે રેઝીન બેઉલાહ ચર્ચ, મણિનગર જવા નીકળી ગયો.

## ◇◇ કોમળ કિરણો ◇◇

એક નાનકડું ગામ. તેમાં છોટુ અને મોન્ટુ રહે. એક ફળિયામાં છોટુ રહે અને બીજા ફળિયામાં મોન્ટુ. બંને પાકા દોસ્ત. બાળપણમાં સાથે ખૂબ રમ્યા, ખૂબ ઘૂમ્યા. બંને સાથે જ ભણવા જાય. બંનેની સ્થિતિ ગરીબ, પણ ઇચ્છાઓ ઊંચી હતી. બંનેને ભણીગણીને મોટા સાહેબ બનવું હતું.

જીવનમાં બધા માણસોની ઇચ્છાઓ પૂરી થતી નથી. છોટુના જીવનમાં પરિસ્થિતિએ વળાંક આપ્યો. તે નવમાં ધોરણમાં હતો અને પપ્પાનું અવસાન થયું. હોશિયાર હતો. ભણવાની ખૂબ તમન્ના હતી. પરંતુ તેને ભણવાનું છોડી નોકરી-ધંધે લાગવું પડ્યું. પાસેના શહેરમાંથી તે દૂધની થેલીઓ લાવીને વેચતો. જો કે

મહેનતના પ્રમાણમાં મળતર ખૂબ ઓછું હતું. છતાં તેનું તથા તેની માતાનું પોષણ થઈ રહેતું.

આ બાજુ મોન્ટુને ખૂબ ભણવું હતું. પરંતુ તે ભણવામાં થોડો મંદ હતો. દસમાં ધોરણમાં બે ટ્રાયલ થયા. તે કંટાળી ગયો. આખરે ભણવાનું છોડી દીધું અને ધંધો શરૂ કર્યો. મૂડી તો વધારે હતી નહીં. તેથી મીણબત્તી બનાવવાનો નાનકડો ધંધો શરૂ કર્યો. તેને તેમાં રસ પડવા લાગ્યો.

બંને મિત્રે હવે રોજ મળી શકતા ન હતા.

એકવાર મોન્ટુએ છોટુને દૂરથી આવતા જોયો. મોન્ટુ તો જોઈ જ રહ્યો. આ છોટુ છે ? ના, ના, છોટુ નથી. વળી પાછું થયું. ના. છે તો છોટુ જ. નજીક આવતાં જ તે ઓળખી ગયો. બંનેએ હાથ મિંલાવ્યા. ભેટી પડ્યા. મોન્ટું તો તાકી જ રહ્યો.

છોટુ - "અરે મોન્ટુ ! બોલ તો ખરો, શું તાકી રહ્યો છે ? એ જ વિચારે છે ને કે મેં ઈસ્ત્રીટાઈટ કપડાં કેમ પહેર્યા છે ?"

મોન્ટુ - "હા યાર ! પહેલીવાર આટલા સારાં કપડાંમાં તને જોઈને આશ્ચર્ય તો થાય જ ને ! પણ આ દૂધની થેલીના ધંધામાંથી તું આટલો બધું કમાયો કેવી રીતે !"

છોટુ - "છોડ યાર ! દૂધની થેલી ! આ તો 'ટેસ્ટી' થેલીની કમાણી છે."

મોન્ટુ - "ટેસ્ટી થેલી ! એ વળી શું ?"

છોટુ - "ટેસ્ટી થેલી એટલે દારૂની થેલી, સમજ્યો ? એક જગ્યાએથી બીજી જગ્યાએ આ થેલીઓ લઈ જવાના એક જ ફેરાના મને ૭૦ થી ૧૦૦ રૂા. મળે છે."

મોન્ટુ - "....એટલે... તું દારૂની લત્તે ચડી ગયો એમ જ ને ?"

છોટુ - "ના યાર ! આપણે ક્યાં દારૂ પીવો છે ? આપણે તો બેગની હેરાફેરી કરવાની. બેગમાં શાની થેલીઓ છે તેની આપણે શું પંચાત !"

મોન્ટુ - "કેમ નહિ ! તારા દ્વારા લઈ જવાયેલી એ થેલીઓથી ઘણાંના જીવન બરબાદ થતાં હશે ને ?"

છોટુ - "છોડ યાર ! તું તો એવો ને એવો જ રહ્યો. કમાવા માટે કંઈક તો કરવું જ પડે ને ! આ જોને થોડા જ દહાડામાં મારું જીવન કેવું બદલાઈ ગયું. અને પેલી દૂધની થેલીઓ વરસો સુધી ઊંચકી ઊંચકીને લાવતો હતો ત્યારે શું મળતું હતું ? તારે પણ કમાવું જ હોય તો આવી જા કાલથી મારી સાથે."

મોન્ટુ - "ના ભાઈ ના. તારો ધંધો તને મુબારક. મારે તો મારી મીણબત્તીઓ ભલી. પણ મને આ તારો ધંધો ગમ્યો નહિ."

બંને વાત કરતાં કરતાં છુટા પડ્યા.

ડિસેમ્બર મહિનો બેસી ગયો. ઘેર ઘેર ક્રિસમસ ઉજવણીની તૈયારીઓ થવા લાગી. મોન્ટુ પણ પોતાનો ધંધો જીવ લગાડીને કરવા લાગ્યો. જાતજાતના આકારની મોટી, નાની, રંગબેરંગી મીણબત્તીઓ બનાવી, તે ઘેરઘેર મીણબત્તીઓ લઈને ફરવા લાગ્યો. તેની ઘરાકી ખૂબ વધી ગઈ. તે ખૂબ કમાયો.

આ વર્ષે તે ખૂબ આનંદમાં હતો. કેમ કે પોતાની કમાણીમાંથી તે પોતાના માતા-પિતા અને બહેનને માટે સારા કપડાં લાવી શક્યો હતો. ઘરમાં મીઠાઈ બનાવવાની વ્યવસ્થા કરી શક્યો હતો.

નાતાલના દિવસો ધામધૂમથી ઉજવાયા. અચાનક નવા વર્ષના દિવસે છોટુ યાદ આવ્યો. તે છોટુના ઘેર ગયો. તેની માતાએ બારણું ખોલ્યું. અંદર જઈને જોયું તો ખાટલા ઉપર છોટુ ઓઢીને

સૂઈ રહ્યો હતો. ઘરમાં નાતાલનો કોઈ આનંદ ન હતો. તેની માતાએ કહ્યું કે ત્રણ દિવસથી છોટુ ખાટલામાં છે. દારૂના ધંધામાં તે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. અને તેને એવો માર્યો કે ઉઠવાના પણ હોશ રહ્યા નથી.

મોન્ટુ છોટુ પાસે બેઠો. તેના માથા પર હાથ મૂક્યો. પ્રાર્થના કરાવી. પછી બોલ્યો, "દોસ્ત, મેં નહોતું કહ્યું કે આ ધંધો સારો નથી."

છોટુ કંઈ બોલ્યો નહિ. તેની આંખો ભરાઈ આવી. તેનું હૈયુ રડતું હતું. તેણે કબૂલ કર્યું કે હવેથી આ ધંધો હું છોડી દઈશ.

એ સાંજે મોન્ટુએ છોટુ અને તેની માતાને માટે પોતાના ઘેરથી ભોજન મોકલ્યું. મોડા સુધી ત્યાં બેસીને વાતો કરી.

રાત્રે છોટુ સૂઈ ગયો. આજ સુધી પૈસા પાછળ દોડાદોડી, વૈભવશાળી જીવવાની ઘેલછા અને પ્રભુથી દૂર ને દૂર થઈ જવાય તેવું વાતાવરણ...વિચારોએ તેને ગૂંગળાવી મૂક્યો. મોડે મોડે આંખો મીંચાઈ ગઈ.

સવારે ઊઠ્યો ત્યારે કોમળ સોનેરી કિરણો તેના દેહને સ્પર્શી રહ્યા હતા. જાણે કે સર્વત્ર શાંતિ છવાઈ ગઈ હતી. દુઃખ ભુલાઈ ગયું. જાણે કે થર્ડ મિલેનીયમનું નવલું પ્રભાત તેના માટે શાંતિનો તાજ લઈને આવી પહોંચ્યું હતું !

## ◈◈ અભિમાન ઉતરી ગયું ◈◈

ઘણાં સમય પહેલાની વાત છે. ઈરાન દેશમાં એક રાજા થઈ ગયો. તે રાજા એક માણસ ઉપર ખૂબ પ્રેમ રાખતો હતો. રાજાનો માનીતો માણસ હામાન હતો. રાજાએ હામાનને શ્રેષ્ઠ પદ્‌વી આપી હતી. તમામ પ્રકારની સગવડ તેને આપવામાં આવી હતી. રાજદરબારમાં હામાનની બેઠક પણ ઊંચા સ્થાને રાખવામાં આવી હતી.

આટલું ઓછું હોય તેમ રાજાએ પ્રજાજનોને આજ્ઞા કરી હતી કે જયારે જયારે હામાન રાજમહેલના દરવાજામાંથી પસાર થાય ત્યારે ત્યારે બધાંએ તેને નમન કરવું.

રાજયના નાનાં મોટા બધાં જ પ્રજાજનો હામાનને નમન કરતાં. ધીમે ધીમે હામાનના મનમાં અભિમાન થવા લાગ્યું. તે મનમાં વિચારવા લાગ્યો, “હું પણ રાજા જેવો જ છું ને ! પ્રજાજનો કેવા મને માન આપે છે ?” પરંતુ રાજયમાં એક યહુદી હતો જે તેને નમન કરતો નહિ. તેનું નામ મોર્દખાય. હામાનને કાને વાત ગઈ. તે રાતોપીળો થઈ ગયો. રાજાની આજ્ઞા પ્રમાણે તે પોતાને નમન કરતો નથી તે જાણી તે ગુસ્સો થયો. તેને મારી નાખવાની યોજના ઘડી અને ફાંસીનો માંચડો તૈયાર કર્યો.

તે રાતે રાજાને ઊંઘ આવી નહિ. એકવાર બે માણસો તેનો જીવ લેવાના હતા ત્યારે મોર્દખાયે રાજાને ખબર આપી હતી કે બિગ્થાના અને તેરેશ નામના બે માણસો તમારો જીવ લેવાનાં છે. આ વાત યાદ આવતાં જ રાજા મોર્દખાય ઉપર ખુશ થયો.

તરત જ રાજાએ હામાનને બોલાવ્યો. તેને પૂછ્યું, "જે માણસને માન આપવાની રાજાની ઈચ્છા હોય તો તેને માટે શું શું કરવું જોઈએ?" હામાનનું ગર્વિષ્ઠ મન મલક્યું. તેણે વિચાર્યું, રાજા મારા સિવાય બીજા કોને માન આપવાના હતાં? માટે લાવને સારું જ કહું. તે બોલ્યો, "રાજા, તમે જેને માન આપવા ઈચ્છતા હો તે માણસને તમારો પોશાક પહેરાવવો, માથે રાજમુગટ મૂકવો, ઘોડા પર સવારી કરાવી નગરમાં ફેરવવો. સાથે સાથે નેકીનો પોકાર કરાવવો."

રાજાએ કહ્યું આ પ્રમાણેની બધી જ તૈયારી જલ્દીથી કરો. હામાન ખુશ થતો થતો બધી વ્યવસ્થા કરવા લાગ્યો.

વ્યવસ્થા થઈ ગયા પછી રાજાએ હામાનને કહ્યું, "મોર્દખાય ઉપર હું ખુશ છું. માટે સઘળું માન તું તેને આપ." આતો રાજાની આજ્ઞા. ફાંસીના માંચડા પર મોર્દખાયને ચડાવવાની ઈચ્છાવાળા હામાને તેને રાજાનો પોશાક પહેરાવ્યો, માથે મુગટ મૂક્યો, ઘોડા પર બેસાડી સવારી કાઢી અને તેની નેકીનો પોકાર કરાવ્યો.

શરમીંદો બનીને મોં છુપાવી હામાન ઘરભેગો થઈ ગયો. બધું જ અભિમાન એક પળમાં ઉતરી ગયું.

**"કાર્ય તમારાં દીપી ઊઠશે, હશે જો ગર્વ વિનાના,**

**ઘણું કરો પણ વ્યર્થ થશે, હશે એ જો ગર્વતણાં."**

# ◈◈ અનમોલ સ્વપ્ન ◈◈

પશ્ચિમાકાશમાં રેલાયેલાં લાલ-ગુલાબી રંગો જળસમાધી લઈ રહ્યાં છે. ઠંડીનો ચમકારો ધીરે ધીરે તીવ્ર બની રહ્યો છે. કાળીડીબાંગ બિહામણી રાત્રીના અંધકારના એકાંતમાં ઊભો રહેલો નદીનો પટ આજે પ્રકાશમાં માનવમહેરામણથી હિલોળા લઈ રહ્યો છે. રંગબેરંગી લાઈટોના ઝબુક ઝબુક થતા પ્રકાશમાં સર્કસનો તંબુ શોભી રહ્યો છે.

શો શરુ થવાની તૈયારી થઈ. સૌ પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા. નાના બાળકો આઈસ્ક્રીમ, ચોકલેટ, અને વેફર્સ ખાતાં ખાતાં મમ્મી-પપ્પા સાથે કાલીઘેલી વાતો કરી રહ્યાં છે. ઘંટડી વાગી. માઈકમાં જાહેરાત થઈ. "આજના શોનું ઉદ્‌ઘાટન દોઢ વર્ષનો નાનકડો સ્વપ્ન પોતાના અદ્‌ભુત ખેલ દ્વારા કરશે."

પડદો ખૂલ્યો. એકવડા બાંધાનો સ્વપ્ન દોડતો આવ્યો. લોકોનું અભિવાદન ઝીલીને તે એકબાજુ ઊભો રહ્યો. સૌ કુતુહલથી જોવા લાગ્યા. "શું આ છોકરો ખેલ બતાવશે ?"

હા, એ સ્વપ્ન જ છે. હજુ તો તેની ઉંમર રમવાની, ખાવાની, કૂદવાની અને કાલીઘેલી વાતો કરવાની હતી, ત્યારે તે છેલ્લા છ મહિનાથી આ દાવ માટે સખત પ્રેકટીસ કરતો હતો. સર્કસમાં આ દાવ કરવાનું એક **"અનમોલ સ્વપ્ન"** તેણે જોયું હતું. આજે પહેલીવાર જાહેરમાં દાવ કરવા માટે તે અનેરા ઉત્સાહથી આવ્યો હતો.

સોળેક વર્ષનો બીજો એક જુવાન છોકરો આવ્યો. તેણે પણ લોકોનું અભિવાદન કર્યું, પછી તે જમીન પર સૂઈ ગયો. તેણે પોતાના

બંને પગ ઊંચા કર્યાં. પગના તળિયા ઉપર એક નિસરણી કોઈપણ બંધન વિના ઊભી રાખી. ચાર પગથિયાવાળી ઊંચી આ નિસરણી ઉપર સ્વપ્નએ ચડવાનું હતું.

સ્વપ્ન નિસરણીની પાસે ગયો. ઉપર ચડવાનું શરૂ કર્યું. સંગીતની સુરાવલી વાતાવરણને ગુંજવી રહી હતી. સંગીતના તાલની સાથે સ્વપ્ન એક, બે, ત્રણ પગથિયા ચડી ગયો. ચોથું પગથિયું ચડતાં ચડતાં તેની નજર સામે બેઠેલા બાળક પર પડી. તેના જેટલું જ બાળક કેવી મુક્ત રીતે માતાના ખોળામાં બેસીને આઈસકેન્ડીની મઝા માણી રહ્યું છે !

એક ક્ષણમાં તેનું ધ્યાન ચલિત થઈ ગયું. તેની એકાગ્રતા તૂટી ગઈ. તે પડી ગયો. પાસે ઉભેલા બે માણસોએ તેને ઉંચકી લીધો.

કોઈએ તેને કંઈ કહ્યું નહીં, કોઈએ આંખો કાઢી નહીં. કોઈએ શિખામણ આપી નહીં. નાનકડા સ્વપ્નને પોતાની ભૂલ સમજાઈ ગઈ. ફરીથી એકાગ્રતા તૂટે નહિં. તેનું ધ્યાન રાખતાં રાખતાં તે કાળજીપૂર્વક નિસરણી પર ચડવા લાગ્યો. બેલેન્સ રાખીને ધીમે ધીમે અંગોને વાળતો તે એક પછી એક બધા પગથિયાં ચડી ગયો. છેક ઉપર જઈને તેણે અંગમરોડના દાવ કર્યાં. એ જ રીતે ધીમે ધીમે તે પાછો નીચે ઉતરી ગયો. લોકો તેની ધીરજને, તેની એકાગ્રતાને, તેના આત્મવિશ્વાસને જોઈ રહ્યા. તાલીઓના ગડગડાટથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું. નાનકડા સ્વપ્નએ જોએલું અનમોલ સ્વપ્ન આજે સાકાર થયું.

બાળકો, નાનકડા સ્વપ્ન જેવી એકાગ્રતા તમે અભ્યાસમાં અને પ્રાર્થનામાં રાખી શકો છો ?

## ◈◈ સ્વપ્નની પ્રાર્થના-આવ રે વરસાદ ◈◈

કલ્યાણપુર નામનું ગામડું. પાસેથી એક નદી વહે. નદીના પહોળાં પટમાં "ઠીક ફાવશે" તેમ માની સર્કસનો તંબુ ત્યાં તાણ્યો, વરસાદ ન પડે ત્યાં સુધી ખેલ ચાલુ રાખવો તેવું નક્કી થયું. સતત પાંચ મહિના થઈ ગયા. ખેલ કરનાર સૌ થાકી ગયા હતાં. પણ હમણાં આરામ ક્યાંથી મળે ? વરસાદ પડે તો સર્કસના ખેલ બંધ થાય ને !

ચોમાસુ બેસી ગયાને પચાસ દિવસ વીતી ગયાં. પણ આકાશ એનું એ જ છે. તેમાં જરાય ફેરફાર થતો નથી. આજે આવશે... કાલે આવશે...એ આશામાં લોકો જીવી રહ્યા હતાં પણ હવે ? કઈ પરિસ્થિતિનું નિર્માણ થશે તેની ચિંતામાં સૌ પડી ગયાં. આકાશમાંથી વરસતી ગરમીની સાથે દુકાળના ઓળા જાણે કે ધરતી પર ઉતરી રહ્યાં ન હોય !

હવે શું થાય ? હા, એક જ વાત હવે બાકી રહી છે. ઈશ્વરની પ્રાર્થના. ખરેખર આવી આપત્તિ આવે છે ત્યારે જ માનવી ખરા હૃદયથી ઈશ્વરને ભજે છે. દરેક ધર્મસ્થાનો માનવોથી ઉભરાવા લાગ્યા. પોતપોતાની વિધિ પ્રમાણે સૌ માનવ પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા. ગયા વર્ષે અતિવૃષ્ટિથી દુકાળ જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. આ વર્ષે અનાવૃષ્ટિ !... સતત બીજા વર્ષે પણ આવી જ પરિસ્થિતિ સર્જાશે તો શું થશે ? તેની ચિંતા સૌને કોરી ખાવા લાગી.

ગામના છેવાડે તંબુ તાણીને ઉતરેલા સર્કસમાં એક છોકરો હતો. જે તેના ખેલ દ્વારા લોકપ્રિય બની ગયો હતો. ગામમાં પણ સૌ કોઈ તેને યાદ કરતાં હતાં. એ હતો "સ્વપ્ન." ખેલમાં તો તેણે

એકાગ્રતા ખૂબ કેળવી હતી. તે ખ્રિસ્તી બાળક હતો. તે નિયમિત બાઈબલનું વાચન કરતો હતો. તેને બાઈબલનું વાક્ય યાદ આવ્યું, "માગો, તો તમને મળશે." તેને થયું, હું પણ દેવળમાં જઈને પ્રાર્થના કરું.

નજીક એક ચર્ચ આવેલું હતું. તે ત્યાં પહોંચ્યો. તેની નજર ચર્ચ ઉપર લટકાવેલા ઘંટ ઉપર પડી. તે એકીટસે ઘંટ સામે તાકી રહ્યો. પછી ઘંટના માધ્યમ દ્વારા જાણે દેવ સાથે વાત કરતો હોય તેમ તે મનમાં બોલ્યો, "હું ત્યારે જ બહાર આવીશ, જ્યારે વરસાદ આવશે."

તે ચર્ચમાં ગયો. પ્રાર્થનાની સાંકળરૂપે ઘણાં માણસો પ્રાર્થના કરતાં બેઠા હતાં. તે ઘૂંટણે પડ્યો. તેણે પ્રાર્થના શરૂ કરી. ખેલમાં જેવી એકાગ્રતા રાખતો હતો, તેવી જે રીતે તે પ્રાર્થનામાં તલ્લીન થઈ ગયો. પોતાની જાતનું ભાન ભૂલી ગયો. સાંજ પડી, રાત પડી...તે ઉઠવાનું નામ લેતો ન હતો.

પહેલો દિવસ...બીજો દિવસ...ત્રીજો દિવસ...નથી તેને ભૂખ, નથી તેને તરસ. બસ, તેને તો એક જ ચીજ જોઈએ છે "વરસાદ." પ્રાર્થનામાં તે એક જ રઢ પકડીને માગી રહ્યો હતો, "અમારે વરસાદ જોઈએ છે. અમને વરસાદ આપો."

સ્વપ્નની એકચિત્તે કરેલી પ્રાર્થના જાણે ઈશ્વરે સાંભળી. સાંજ થતાં સુધીમાં તો આકાશ વાદળોથી ઘેરાઈ ગયું. ઠંડો પવન વાયો. અંતે આકાશમાંથી અમૃત સમાન ઠંડા, મીઠાં જળબિંદુઓ વરસવા લાગ્યાં. સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો. જ્યારે ભીની માટીની સુગંધ સ્વપ્નને આવી ત્યારે જ તે ઊભો થયો. સતત ભૂખ અને

તરસથી તે અશક્ત બની ગયો હતો. બહાર આવી તેણે વર્ષાબિંદુઓને પોતાના મોમા ઝીલ્યાં. આજે તેને ખૂબ આનંદ થયો. વરસાદ પડ્યો તેથી અને વધારે તો પ્રભુએ તેની પ્રાર્થના સાંભળી માટે.

ધન્ય છે બાળ સ્વપ્ન, તારી એકગ્રતાને. તેં કરેલી પ્રાર્થનાનો પ્રભુએ ઉત્તર આપ્યો.

## ◈◈ દેવના કરારનું ચિહ્ન ◈◈

દેવે પૃથ્વી ઉત્પન્ન કરી. પૃથ્વી ઉપર માનવ વસતિ વધવા લાગી. પરંતુ દેવે જોયું તો પૃથ્વી પરના માણસોમાં ભૂંડાઈ ખૂબ વધી ગઈ. યહોવા દેવ ભૂંડાઈથી ભરેલી સૃષ્ટિને જોઈ દુઃખી થયા. તેમને પસ્તાવો થયો અને આખી પૃથ્વીનો નાશ કરવાનું નક્કી કર્યું.

પરંતુ નૂહ નામના માણસને દેવે જોયો. તે ન્યાયી હતો. દેવે નૂહને તથા તેના ઘરનાને બચાવવાની યોજના કરી. નૂહના બચાવ માટે યહોવાહે તેને દેવદારના લાકડાનું એક વહાણ બનાવવા કહ્યું, જેની લંબાઈ ત્રણસો હાથ, પહોળાઈ પચાસ હાથ અને ઊંચાઈ ત્રીસ હાથ હોય. તેમાં ત્રણ માળ બનાવવા તથા એક બારી મૂકવા કહ્યું. વળી, ઓરડાની માંહે તથા બહાર ડામર લગાવવા કહ્યું. વહાણ તૈયાર થઈ ગયાં પછી દેવે નૂહને તથા તેના કુટુંબને, શુદ્ધ પશુઓમાંથી સાત-સાત નરનારી તથા પક્ષીઓમાંથી સાત-સાત નરમાદાને સાથે લઈને વહાણમાં જવા કહ્યું અને નૂહને કહ્યું કે પૃથ્વી પર હું જળપ્રલય

લાવીશ. તેમાં આખી પૃથ્વીનો નાશ થશે, પરંતુ આ વહાણ બચી જશે.

અને દેવે કહ્યા પ્રમાણે પૃથ્વી પર વરસાદ શરૂ થયો. જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા. આકાશના દ્વારો ઊઘડી ગયાં. ચાળીસ દહાડા અને ચાલીસ રાત સુધી પૃથ્વી પર વરસાદ વરસતો જ રહ્યો. જળપ્રલય થયો. પર્વતોના શિખરો ઢંકાઈ ગયાં. પૃથ્વી પર માત્ર પાણી જ પાણી હતું. કંઈ જ દેખાતુ નહોતું. માત્ર નૂહનું વહાણ એકલું જ તરતું હતું.

ચાળીસ દિવસ પછી જળનિધિના ઝરા બંધ થયાં. વરસાદ રહી ગયો. પૃથ્વી પરના પાણી ઓસર્યા. વહાણ અરારાટના પહોડો પર થંભી ગયું.

થોડા દિવસ પછી નૂહે બારી ખોલીને કાગડાને બહાર મોકલ્યો. જેથી પૃથ્વી પર કોરી ભૂમિ થઈ કે નહિ તે ખબર પડે. કાગડો પાછો ન આવ્યો. થોડા દિવસ પછી કબૂતરને મોકલ્યું. તે પણ વહાણમાં પાછુ ના આવ્યું. થોડા દિવસ પછી ફરી કબૂતરને વહાણની બહાર મોકલ્યું. કબૂતર ચાંચમાં જૈતુનવૃક્ષનું પાંદડું લઈને પાછું ફર્યું. નૂહે જાણ્યું કે પૃથ્વી પર પાણી ઓસર્યા છે. ભૂમિ દેખાઈ છે. સાત દિવસ પછી ફરી કૂબતરને બહાર મોકલ્યુ. તે પાછું આવ્યું જ નહિ તેથી નૂહને ખ્યાલ આવ્યો કે ભૂમિ કોરી થઈ ગઈ છે.

પૃથ્વી પર જમીન કોરી થઈ એટલે વહાણમાંથી સઘળાં બહાર આવ્યાં. નૂહે વેદી બાંધી. વેદી પર હોમ કર્યો. યહોવાહ દેવે નૂહને તથા તેના દિકરાઓને આશીર્વાદ દીધો અને કરાર કર્યો.

'મારું ધનુષ્ય હું વાદળમાં મૂકું છું, તે મારી તથા પૃથ્વીની વચ્ચેના કરારનું ચિહ્ન થશે.' 'અને એમ થશે કે પૃથ્વી પર હું

વાદળ લાવીશ. ત્યારે વાદળમાં તે ધનુષ્ય દેખાશે.'અને દેવ તથા પૃથ્વીના સર્વ દેહધારીઓમાંના હરેક સજીવ પ્રાણીની વચ્ચે જે સર્વકાળનો કરાર છે તે સંભારીને હું ધનુષ્યની સામે જોઈશ.' જેથી...

'પૃથ્વીનો નાશ કરવાને જળપ્રલય કદી નહિ થશે.'

મેઘધનુષ્ય વાદળ ઉપર દેખાય છે. તેમાં સાત રંગો હોય છે. જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી, રાતો. દેખાવમાં તે ખૂબ સુંદર હોય છે. જ્યારે જ્યારે પૃથ્વી ઉપર અતિવૃષ્ટિ થાય છે, ભારે જાનહાની અને માલહાની થાય છે,

ત્યારે જળપ્રલયની યાદ આવી જાય છે. ઉપરાંત કાળા વાદળોથી ઘેરાયેલા આસમાની આકાશમાં જ્યારે સપ્તરંગી મેઘધનુષ્ય દેખાય છે ત્યારે દેવે કરેલા કરારનું સ્મરણ થયા વિના રહેતું નથી.

## ◈◈ ઘાયલ સૈનિક ◈◈

બીજા વિશ્વયુદ્ધનો સમય હતો. વિશ્વના દેશો એકબીજા સાથે લડી રહ્યા હતા. ઘણાં દેશો અમેરિકા તરફ હતા, તો ઘણાં જાપાનની તરફ. યુદ્ધ સમયે ઘાયલ થયેલા સૈનિકોની સારવાર કરવા માટે ડૉક્ટરોની ટુકડીઓ પણ કામ વળગેલી હતી.

એક દિવસ અમેરિકાએ શત્રુનાં દ્વિપ ઉપર બોંબ ફેંક્યો. પારાવાર તારાજી થઈ. સૈનિકોની નાસભાગ થઈ. ઘણાં સૈનિકો ઘાયલ થયા. અમેરિકાના ઘાયલ સૈનિકોને શોધી શોધીને ડૉક્ટર

પાસે પહોંચાડાતા હતા. એમાં એક જાપાનનો સૈનિક પણ હતો. તેને પણ ડૉકટર પાસે લાવવામાં આવ્યો. તેનું નામ હતું ઈટો.

મનમાં ને મનમાં તે ગભરાતો હતો કે શત્રુઓના હાથમાં હું સપડાયો છું. હવે મને શારીરિક રીતે ખૂબ જ કષ્ટ આપવામાં આવશે. તે ધ્રૂજતો હતો. કેમ કે હજી બે દિવસ પહેલાં જ તેના દેશના કેટલાક સૈનિકો અમેરિકાના વિસ્તારમાં ધસી ગયા હતા. અને ડૉકટરોની એક આખી ટુકડીને રહેંસી નાખી હતી. તેથી જ તે બીતો હતો. પરંતુ જે ડૉકટર તેની સારવાર કરતો હતો તે અમેરિકન ડૉકટર સ્ટીમસના પ્રેમાળ હાથ તેના ઘાને ધોતા હતા. લોહી અને માટીથી ખરડાયેલા ઘાને ધોયા. ઓપરેશન કરીને એક પગ કાપી નાખ્યો. તેને સ્થાને નકલી પગ પણ બેસાડ્યો. અને ઘણાં દિવસ સુધી ડૉકટરે તેની સેવા કરી.

જ્યારે તે સાજો થયો ત્યારે તેને જેલમાં લઈ જવા તૈયાર કર્યો. તેણે ડૉ. સ્ટીમસને મળવાની ઇચ્છા વ્યક્ત કરી. ડૉકટરને જોઈને તે રડી પડ્યો. તેણે ડૉકટરને પૂછ્યું, "હું જાપાનનો સૈનિક હતો છતાં આટલી કાળજીપૂર્વક મારી સેવા કેમ કરી?" ડૉકટરે કહ્યું, "તમે દુશ્મન દેશના સૈનિક હતા તેથી કંઈ માનવ મટી ગયા ન હતા. મારી ફરજ ઘાયલને સાજા કરવાની છે. અને મેં મારી ફરજ બજાવી છે. પછી દર્દી ભલે શત્રુ હોય કે મિત્ર !"

ડૉકટરના જેવી જ ફરજ ખ્રિસ્તી વ્યક્તિની છે. સતાવણી કરનારાઓ સામે દ્વેષ ભાવથી નહિ, પણ પ્રેમભાવથી રહેવું જોઈએ.

## ◈◈ ચોરીનુ ફળ ◈◈

કલકત્તા શહેરથી લગભગ ૨ કિ.મી. દૂર એક ગામડું. માંડ પચ્ચીસેક કુટુંબોનો વસવાટ. નહીં કોઈ નિશાળ કે નહીં કોઈ હોસ્પિટલ. બાળકોને ભણવું હોય તો ચાલીને શહેરમાં જવું પડે. ખેતરમાં કામ કરવાનું. ગરમી, ઠંડી અને વરસાદનો ભોગ બનવું પડે.

ગામમાં બે બાળકો. એક હતો અમથો અને બીજો હતો કાળિયો. બન્નેને ભણી ગણીને નોકરી કરી સારું જીવન જીવવું હતું. તેથી બન્ને સાથે શહેરની શાળામાં જાય. રસ્તામાં અલકમલકની વાતો કરે. ઘણીવાર પોતાની ગરીબ દશા પર દુઃખી થાય. શ્રીમંત બાળકોને જોઈને તેમને ઈર્ષા આવે. એમને થાય કે આપણે પણ પૈસાદાર હોત તો કેવું સારું !

ઘણીવાર બન્ને નિખાલસ વાતો કરે. કાળિયો કહે, “અમથા, જો તને અત્યારે ખૂબ પૈસા મળે તો તું શું કરે ?” અમથો કહે, “થોડા દિવસ હું ખૂબ લ્હેર કરું. શહેરમાં જાઉં, હોટલમાં ખાઉં, નવા બૂટ ખરીદું અને નવાં કપડાં લઉં.

એક દિવસ બન્ને શાળામાં ગયા. પોતપોતાના વર્ગમાં અભ્યાસ કરતા હતા. તે દિવસે પહેલી તારીખ હતી. શિક્ષકોનો પગાર થયો હતો. અમથાના શિક્ષિકાબહેને પગારના પૈસા ગણ્યા અને પર્સમાં મૂક્યાં. પર્સ ખીંટીએ ભરવી દીધું. તરત જ રીસેસ પડી. બધા બાળકો બહાર ગયા. શિક્ષિકાબહેન પણ બહાર ગયા. અમથો બેસી રહ્યો. સામે ખીંટી પર ભરવેલા પર્સ તરફ તેની નજર હતી. તેને નોટોની થપ્પી દેખાવા માંડી. હાં, આવી એક થોકડી

મળી જાય તો ? ઘડીભર થયું કે શા માટે આવા વિચાર કરવા જોઈએ. એ પારકાના પૈસા આપણા શા કામમાં આવે ? વળી પાછું થયું, છાનામાંના લઈ લઉં તો ! બસ ખૂબ લ્હેર કરું. મનમાં વિચારોનું યુદ્ધ ચાલતું હતું. અચાનક તે ઉભો થયો. પર્સ પાસે ગયો. આજુબાજુ જોતાં જોતા તેણે પર્સ લીધું. વીજળીવેગે રૂા. ૫૦૦/-નું બંદલ તેણે સરકાવી લીધું. એટલી જ ત્વરાથી તે વર્ગની બહાર જતો રહ્યો.

તે કાળિયાને મળ્યો. બીકના માર્યા તેણે કાળિયાને વાત કરી. કાળિયો કહે, "અરે, ગભરાય છે શા માટે ? લાવ મને આપી દે, હું રાખી મુકીશ." તેણે નોટોની થપ્પી કાળિયાને આપી દીધી. કાળિયાએ પેન્ટના કમરની પટ્ટીમાં તે સંતાડી દીધી..

રિસેસ પૂરી થઈ. બધા વર્ગમાં ગયા. અચાનક શિક્ષિકાબહેનને પૈસાની જરૂર પડી. કોઈને આપવાના હતા. તેમણે પર્સ લીધુ, તેમને કંઈક શંકા ગઈ. તેમણે બધા પૈસા કાઢીને ફરી ગણ્યા. આ શું ? આમા ૫૦૦ રૂા. તો ઓછા છે. ક્યાં ગયા ? તેમણે ધીમેથી બધાંને કહ્યું, કોઈ બોલ્યું નહી. પછી બધાં છોકરાઓને ઊભા કર્યા. ઊલટ તપાસ કરી, દફતર તપાસ્યા, ખિસ્સા ફેંદયા. ફરી પૂછ્યું કે રિસેસમાં વર્ગમાં કોણ કોણ હતું ? આખરે અમથાનું નામ આવ્યું. આમેય ગરીબ એટલે શંકા દૃઢ બની. તેની બધી તપાસ કરી છતાં કંઈ જ ખબર ન પડી. તે ક્યાંથી આવે છે, કોની સાથે આવે છે તે બધું પૂછીને કાળિયાને પણ બોલાવવામાં આવ્યો.

ઓફિસમાં બન્નેની ખૂબ તપાસ કરી. બોલ્યા, ધમકાવ્યા, માર્યા. આખરે નિર્ણય લેવાયો કે બન્નેના માબાપને બોલાવવા. વર્ગશિક્ષકાબહેને કાળિયાને કમર પર સહેજ ધક્કો મારી બોલ્યા,

"જાવ, બન્ને તમારા મા કે બાપાને બોલાવી લાવો." બહેનના હાથે કંઈક વસ્તુ સ્પર્શી ગઈ. બહેને તપાસ કરી. રૂા. ૫૦૦/- નું બંડલ ત્યાં છુપાવ્યું હતું. ચોરી પકડાઈ ગઈ. આખી શાળામાં હાહાકાર થઈ ગયો. ચોરી થઈ...ચોરી થઈ. અમથો અને કાળિયો ચોર છે. તેમને બધાં જ શિક્ષકો ખૂબ બોલ્યા, વઢ્યા, માર માર્યો, માફી મંગાવી.

બીજા દિવસે બન્ને શાળામાં ન આવ્યા. દિવસો સુધી બન્ને શાળામાં દેખાયા નહીં. તેમણે શાળા છોડી દીધી. કેમ ? તેમને શરમ આવતી હતી. શિક્ષકોએ તેને ઘેર ખબર કાઢી, સમજાવ્યા. પણ તે ન આવ્યા. ભણીગણીને સારું જીવન જીવવાની ઇચ્છા લુપ્ત થઈ ગઈ. ખેતરની મજુરી અને ઢોરઢાંક વચ્ચે તેમનું જીવન ગોઠવાઈ ગયું.

વર્ષો સુધી તેમના મનમાં આ બનાવ જીવતો રહ્યો. તેઓ કોઈને મોં બતાવી શક્યા નહીં. એ જ ગરીબાઈ અને એ જ પરિશ્રમવાળા જીવનમાં તેમને સંતોષ માનવો પડ્યો.

બાળકો, નાનકડી ચોરીથી બન્નેના જીવન કેવાં બની ગયા ? સુખ સાહબીવાળાં જીવન જીવવાના કોડ અધૂરાં રહ્યાં. એક નાનકડી ચોરીએ બે બાળકોના જીવનના વિકાસને રૂંધી નાખ્યો. કેવી દુઃખદાયક વાત છે !

તેથી જ પ્રભુ આપણને ચેતવતાં ઘણાં પ્રેમથી કહે છે, "ચોરી ન કર."

# ◈◈ ખૂન કરવું નહિ (પપેટ વાર્તા) ◈◈

મગર : "વકુ વાનર, ઓ વકુ વાનર, આજે ફરવા નથી આવવું ?"

વકુ વાનર : "અરે, બૂમો ન પાડ. આ આવ્યો."
(વાનર કૂદીને મગરની પીઠ પર બેસી જાય છે.)

મગર : "પીઠ પર બરાબર બેઠો છે ને ?"

વાનર : "હા, હા. ચાલ હવે સવારી ઉપાડ."
(મગર પાણીમાં તરે છે. અધવચ્ચે જઈને ઊભો રહે છે.)

મગર : "વકુ વાનર ! આજે તો મારી મગરીને તારુ કાળજુ ખાવું છે."

વાનર : "એટલે....એટલે તું મને મારી નાખીશ. એમ જ ને !"

મગર : "હા જ સ્તો !"

વાનર : "અરે યાર, મિત્ર માટે જીવ આપવો મને મંજૂર છે.
પણ તારે પહેલેથી કહેવું હતું ને !
કાળજુ તો હું ઝાડ ઉપર લટકાવીને આવ્યો છું."

મગર : "હવે ?"

વાનર : "એમ કર. આપણે પાછા જઈએ. તું નીચે ઊભો રહેજે. હું એક મીનીટમાં કાળજુ લઈને આવી જઈશ."

મગર : "હા, એ બરાબર છે, ચાલ ત્યારે પાછા વળીએ."
બન્ને પાછા કિનારે આવે છે.)
(વાનર કૂદકો મારીને ઝાડ પર ચડી જાય છે.)
(વાનર ઠીંગો બતાવે છે.)

વાનર : "મગરભાઈ, મગરીને મારું કાળજુ ખવડાવવું છે ? ઠીંગો લે ઠીંગો. કાળજું તો કોઈ દિવસ ઝાડ પર લટકાવાતું હશે ?"

(મગર મોં વકાસીને પાછો ફરે છે.)

મગરને કંઈક અવાજ સંભળાય છે. જાતે જ બોલે છે.)

મગર : (અરે, આ શાનો અવાજ સંભળાય છે ? લાવ પેલા ડાઘિયા કૂતરાને પૂછું. એને આખા ગામની ખબર હોય છે.)

(મોટેથી) અરે ડાઘિયાભાઈ, ઓ ડાઘિયાભાઈ આ શાનો અવાજ સંભાળાય છે ?

ડાઘિયો : "તમને ખબર નથી ? કૈસર અગસ્તસે શહેરના બે વર્ષ સુધીના બધાં જ બાળકોને મારી નાખ્યા છે."

મગર : "અરે રે ! તેણે આવું કેમ કર્યું ?"

ડાઘિયો : "ભાઈ, બેથલેહેમ ગામમાં ઈસુખ્રિસ્ત નામના દૈવી બાળકનો જન્મ થયો છે. રાજાને ખબર નથી કે બાળઈસુનો જન્મ કયા ઘરમાં થયો છે ? તેથી બાળઈસુને મારી નાખવા માટે રાજાએ શહેરના બે વર્ષ સુધીના તમામ બાળકોને મારી નાખવાનો હુકમ કર્યો છે. જેથી આ કત્લેઆમમાં બાળઈસુ પણ મરી જાય."

મગર : "આ તો ઘણું ખરાબ કહેવાય."

ડાઘિયો : "ઘણું ખરાબ. કોઈને મારી નાખવું એ ખૂન કર્યું કહેવાય. અને દેવે આપેલી દસ આજ્ઞામાં છઠ્ઠી આજ્ઞા એ છે કે, "તું ખૂન ન કર" અને જે ખૂન કરે તે નર્કમાં જાય"

મગર : "એમ ?"

ડાઘિયો : "હા. અને નર્કમાં કદી ન હોલવાનાર અગ્નિ હોય છે. જ્યાં સદાય રડવું અને દાંત પીસવું થશે."

મગર : "બાપ રે ! સારું થયું કે આજે ઈશ્વરે મને નર્કમાં જતો બચાવ્યો. મારી મગરીને વાનરનુ કાળજું ખાવું હતું. તે માટે મેં એક વાનરને યુક્તિપૂર્વક ફસાવ્યો. પણ તે બચી ગયો. હવે હું કદી કોઈને મારીશ નહિ."

વાનર : "ખરેખર તું સાચેજ બચી ગયો. હવે આ આજ્ઞા કાયમ યાદ રાખજે કે,"
"ખૂન કરવું નહિ."

## ◇◇ નાણાં કે નાગ બચ્યાં ? ◇◇

ધનવંતભાઈ બારી પાસે બેઠા બેઠા શોકમગ્ન હૃદયે શહેરના માર્ગને જોઈ રહ્યા હતા. વાહનોથી ધમધમતા માર્ગનો ઘોંઘાટ પણ એમના વિચારોના વમળને તોડી શકયું નહિ. આજે તેમના બાળપણના દોસ્તનું મરણ થયું હતું. હજી હમણાં જ તેઓ તેમને અંતિમ વિદાય આપીને આવ્યા હતા. આ પ્રસંગથી તેમનું મન ભૂતકાળના પડળો નીચે ખોવાઈ ગયું.

વર્ષો પહેલાં ધનવંત અને સજ્જનની જોડી પ્રાથમિક શાળામાં પ્રખ્યાત હતી. ધનવંત શ્રીમંત માતાપિતાનો પુત્ર હતો. સજ્જન

ગરીબ ઘરનો દીકરો હતો. પરંતુ બન્ને સાથે રમે, સાથે ખાય, ઘેર લેશન પણ સાથે જ કરે. કેમકે તેઓના ઘર નજીક નજીક હતાં.

ધનવંત પૈસાદાર હતો. પણ ભારે કંજૂસ. જ્યારે સજ્જન ભારે દયાળું. તેની પાસે હોય તેમાંથી પણ થોડું બીજાને આપે તેવો. આવો વિરોધાભાસી સ્વભાવ હોવો છતાં બંને પાકા દોસ્ત હતા.

મોટા થયા પછી ધનવંતે પિતોનો કારોબાર સંભાળી લીધો. જ્યારે સજ્જને એક ફેકટરીમાં નોકરી શોધી લીધી. ઓછો પગાર હોવા છતાં તે સુખશાંતિથી જીવતો હતો. એકદિવસ ફેકટરીમાં આગ લાગી. સજ્જન સખત રીતે દાઝી ગયો. અને બે દિવસમાં મૃત્યુ પામ્યો. તેના શોકમાં ધનવંતભાઈ પણ બે દિવસ ઉદાસ રહ્યા હતા. મિત્રની પત્ની વિધવા બની ગઈ. હવે તે કેવી રીતે જીવશે ? કદાચ ઘરકામ કરવું પડશે. આવાં વિચારો આવવા લાગ્યા.

ધનવંતભાઈનો કારોબાર વિશાળ હતો. ઘરમાં પૈસાની રેલમછેલ હતી. ઘણી બધી બેંકોમાં મોટું મોટું બેલેન્સ હતું. ઘરમાં પણ થોકબંધ રૂપિયાની નોટો છુપાવેલી હતી. એક ચાંદીનો ડબ્બો હતો. તેમાં સોનાના સિક્કા ભરેલાં હતા. આ સિક્કા પર તેને ખૂબ પ્રેમ હતો. રોજ રોજ તે સિક્કા કાઢીને ગણી જોતો. મનમાં ગર્વ કરતો કે મારા જેવો શ્રીમંત કોઈ નથી.

એક દિવસ રાત્રે તેને સ્વપ્ન આવ્યું. જાણે કે સોનાના સિક્કા ગણવા તેણે ચાંદીનો ડબ્બો ખોલ્યો. પણ આ શું ? ડબ્બો ખૂલતાં જ જાણે તેમાંથી અગણિત નાગના બચ્ચાંએ ડોકાં કાઢ્યાં. તેણે તો ચીસ પાડી. એકદમ તેને પોતાના મિત્ર સજ્જનનો ચહેરો દેખાયો. જાણે કે તે કહેતો હતો, “મિત્ર, સોનાના સિક્કા નાગના બચ્ચાં કેમ બની ગયાં તે તું જાણે છે ? નાગ ખેતરમાં છૂટો હોય ત્યાં સુધી તે ખેડૂતનો

મિત્ર બનીને રહે છે. કારણ વિના કોઈને ડંખ દેતો નથી. પણ તેને હેરાન કરવામાં આવે તો ઝેરી ડંખ મારે છે. આ નાણાં પણ જરૂરિયાત વાળા લોકો પાસે દાન સ્વરૂપે જાય તો વાંધો નહિ. પણ માત્ર ગણવા ખાતર જ ડબ્બામાં ભરી રાખવામાં આવે તો એ નાગબચ્ચાં જ બની જાય."

અચાનક તેની આંખો ખુલી ગઈ. તેના મનની આંખો પણ ખુલી ગઈ. વાત બરાબર છે. આ સિક્કા નથી વધતા - નથી ઘટતાં. પછી શો અર્થ ? તેણે ગરીબોના દાન માટેની યોજના બનાવી. સૌથી પહેલા તો મિત્રની વિધવા પત્નીને દાન આપવાનું નક્કી કર્યું. પછી તો અનાથાશ્રમો, વિધવા સ્ત્રીઓ, ગરીબ વર્ગના લોકો...દાનનો અવિરત પ્રવાહ તેણે ચાલુ કરી દીધો. જેમ જેમ દાન આપવા માંડયું તેમ તેમ તેના મને શાંતિ મળવા લાગી. હવે તે રાત્રે મીઠી ઊંઘ માણી શકતો. અને ગામમાં, સમાજમાં તેનુ માન વધવા લાગ્યું તેને ખાતરી થઈ કે દાન આપવાથી તેના વેપારધંધામાં ખૂબ જ નફો થવા લાગ્યો છે.ધનાચંદ બધાંને કહેવા લાગ્યો, "આપો તો તમને અપાશે."

## ◈◈ ઈનામ ◈◈

જગતમાં નામની કોઈ જ કિંમત નથી. લક્ષ્મીચંદ નામનો માણસો ઘેરઘેર ફરીને ભીખ માગે છે. અનંતરાય નામનો માણસ અકાળે મૃત્યુને ભેટે છે. પરંતુ "નામ" શબ્દની આગળ જો "ઈ" પ્રત્યય લાગે તો ? સૌને ગમે.

ઈનામ મળવાનું હોય તો કોઈપણ કાર્ય ખૂબ જ હોંશથી થાય. આપણી ક્રિકેટ ટીમ જ જુઓને ! અધધધ... કેટલાં મોટાં ઈનામ !

અને તેથી જ પૂરી લગનથી રમે છે. અરે. ગ્રીનીચ બુકમાં નામ નોંધવવા માટે ઘણી વ્યક્તિઓ જાતજાતના પ્રયોગો કરે છે. પોતાના પ્રાણની પણ પરવા કરતા નથી. ઘણીવાર ખૂબ પીડા પણ સહન કરે છે.

પરંતુ ક્યારેય તોફાન માટે ઈનામ કોઈને મળ્યું છે ખરું ? આ માટે લેખક શ્રી યશવંત મહેતાની વાર્તા "તોફાનનું ઈનામ" વાંચવા જેવી છે. ટૂંકમાં વાર્તા આ પ્રમાણે છે.

બુબુ નામની નાની છોકરી ભારે તોફાની. એક સેકન્ડ સીધી ન બેસે. ઘરમાં, શેરીમાં, શાળામાં બસગાડીમાં તેનાં તોફાન ચાલુ જ હોય. એક વાર તેની મમ્મી તેને લઈ ને ગાડીમાં બેઠાં. ગાડી ચાલુ થઈ. શરૂઆતમાં તો તારના થાંભલા અને ઝાડ ગણવા લાગ્યા. પણ પછી તો કંટાળી ગઈ. સામે બેઠેલી સ્ત્રીના ખોળામાં એક નાનું બાળક સૂતું હતું. ધીમે ધીમે સરકીને પાસે જઈને બાળકને ચૂંટણી ભરી દીધી. પછી છાનીમાની ડાહી થઈને બેસી ગઈ. બિચારું બાળક! જોરજોરથી રડવા લાગ્યું. પણ કોઈને ખબર ન પડી કે બાળકને શું થયું હતું ?

તેની નજર સામેની લાઈનના ખૂણા પર બેઠેલી સ્ત્રી ઉપર પડી તે સ્ત્રીએ બુરખો પહેર્યો હતો. મનમાં જાતજાતના વિચારો આવ્યા. તેનું મોં કેવું હશે ? બોખી હશે ? તેને બુરખો ખોલીને જોવાનું મન થયું પણ મમ્મીએ ના પાડી હતી. છતાંય તે ધીમે ધીમે તે બાજુ સરકી. ધીમેથી બુરખો ઊંચો કરી તે મોં જોવા લાગી. મમ્મીએ તેને હાથ પકડીને ખેંચી લીધી.

પણ બુબુએ વારંવાર મમ્મીને પ્રશ્ન પૂછવા માંડ્યા, "મમ્મી, તને મૂછો કેમ નથી ? દાદીને મૂછો કેમ નથી ? જો ને પેલી બુરખાવાળી સ્ત્રીને તો મૂછો છે !" મમ્મીને કંઈ ખબર ન પડી. પરંતુ પાસે બેઠેલી

સ્ત્રી હોશિયાર હતી. સ્ટેશને ગાડી ઊભી રહી એટલે પાણી લેવાના બહાને તે નીચે ઊતરી. બે પોલીસોને બોલાવી લાવી. ત્યારે ખબર પડી કે બુરખાવાળી સ્ત્રી તો મશહૂર ડાકૂ હતો.

પોલીસોએ ડાકૂને પકડી લીધો અને પેલી બહેનને શાબાશી આપી. પરંતુ પેલી બહેને કહ્યું કે ખરેખર તો આ નાની બાળકીને શાબાશી આપો. કેમ કે તેણે આ વાતની માહિતી આપી. અને ત્યારબાદ સરકાર તરફથી તેને મોટું ઈનામ મળ્યું.

જોયું ? તોફાનનું ઈનામ ! પણ આપણે એવું ઈનામ મેળવવાનું નથી. હોં ! પાછું ઈનામને બદલે ક્યાંક સજા પણ મળી જાય.

બાળકો, વાર્ષિક પરીક્ષાઓ નજીક આવી રહી હોય અને કદાચ આખું વર્ષ તોફાન મસ્તીમાં, રમતમાં, આળસમાં ગયું હોય તો હજીપણ સમય છે. તનતોડ મહેનત કરો અને સારાં ગુણ મેળવી પાસ થાઓ.

આ સાથે દિવસે દિવસે પ્રભુમાં વધુને વધુ દ્રઢ થાઓ અને તમને મળશે "અનંતકાળનું ગૌરવી જીવન", પ્રભુ તરફથી મહાન ઈનામ.

# ◈◈ કેતન અને જાદુગર ◈◈

ઊનાળાની ગરમી પૂરબહાર વ્યાપી રહી હતી. લોકો કંટાળી ગયા હતા. રાત્રે પણ ઘરની ચાર દિવાલો છોડીને બહાર ખુલ્લામાં સૂવાનું પસંદ કરતાં હતાં.

કેતન પણ મમ્મી સાથે ધાબા પર સૂવા માટે ગયો. પથારીમાં પડ્યો પડ્યો કેતન આકાશમાં અગણિત તારલાઓ ગણી રહ્યો હતો.

એકાએક પ્રકાશનો તેજ લીસોટો આકાશમાં ઊંચે ચડવા લાગ્યો. બીજી દિશામાં જઈને પાછો ફરી તે ઊંચે ચડવા લાગ્યો. હવે કેતનની ધીરજ ખૂટી. તેણે મમ્મીને પૂછ્યું, "મમ્મી, આ શું છે ?" મમ્મીએ કહ્યું, "બેટા, ગામમાં એક મહાન જાદુગર આવ્યો છે. બધાને ખબર પડે તેથી તે આવો પ્રકાશ ફેંકે છે.'

કેતન બોલ્યો, "મમ્મી, મને પણ જાદુગર જોવા લઈ જાઓને !"

મમ્મીએ કહ્યું, "દીકરા, આપણાથી જાદુગર ન જોવાય. કેમકે જાદુગરનું કામ બધાંને છેતરવાનું હોય છે.' બાઈબલમાં પણ લખ્યું છે કે જાદુક્રિયા એ ભૂંડું કાર્ય છે.'

હવે તો કેતનને વધારે ઈંતેજારી થઈ. આઠેક વર્ષનો કેતન તેની ઉંમર કરતાં વધારે તેજસ્વી હતો. તેણે આ વિશે વધુ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. મમ્મીએ કહ્યું, "જો સાંભળ, બાઈબલમાં ઘણાં પ્રસંગો છો. જેમાં જાદુક્રિયાઓ કરનારાની દેવે ભૂંડી દશા કરી છે.

ઈસ્રાએલ પ્રજાએ જાદુક્રિયા કરી. બીજા રાજાઓના સત્તરમાં અધ્યાયની ૧૩ મી કલમમાં લખ્યું છે કે, " તેમના દીકરા-દીકરીઓને તેઓએ અગ્નિમાં થઈને ચલાવ્યા હતા. ને તેઓ શુકનવિદ્યા તથા જાદુક્રિયાનો ઉપયોગ કરતા હતા." અને દેવે તેમની ઉપર ખૂબ કોપ કર્યો. તેમને ઘણું દુઃખ સહન કરવું પડ્યું.

બીજો પ્રસંગ એક રાજાનો છે. તેનું નામ મન્નાશાહ હતું. તેણે યરૂશાલેમમા ૫૫ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. પરંતુ યહોવાહની દૃષ્ટિમાં જે ભૂંડું હતું તે તે કરતો.

"તેણે યહોવાના મંદિરના બે આંગણાંમાં આખા જ્યોતિમંડળને માટે વેદીઓ બાંધી. વળી તેણે પોતાના દિકરાને અગ્નિમાં હોમ્યો. તે શુકનમુર્હત પૂછતો, જાદુ કરતો ને ભૂવાઓ તથાં જાદુગરો સાથે વ્યવહાર રાખતો.' ૨ રાજાઓ ૨૧:૫,૬. અને તેની દશા પણ કરૂણ બની. આશ્શૂરના રાજા એસારહાદોને તેના પર હુમલો કર્યો. તેને કેદ કરીને લઈ ગયો. અને તે ખૂબ બૂરી દશા પામ્યો.

કેતન બોલ્યો, 'મમ્મી, બાઈબલમાં એવા કોઈ મહાન જાદુગરનું નામ આપેલું છે ?' મમ્મી - 'હા, એવું પણ લખાએલું છે. સમરૂનના લોકોની વચ્ચે એક મહાન જાદુગર હતો. તેનું નામ હતું. સીમોન. લાંબા સમય સુધી લોકોને તે જાદુક્રિયાથી છક કરી દેતો હતો. લોકો પણ તેને સાંભળતાં અને તેની જાદુક્રિયાઓ જોતો. પણ બન્યું એવું કે તે જ જગ્યાએ ફિલિપ નામનો એક પ્રભુનો સેવક આવ્યો. તેણે પ્રભુઈસુની વાત કરી. ઘણાં લોકોએ ઈસુ પર વિશ્વાસ કર્યો. બાપ્તિસ્મા લીધાં અને પેલા મહાન જાદુગરે પણ તેની

જાદુક્રિયાઓ છોડી દીધી અને ઈસુ પર વિશ્વાસ કરી ફિલિપની સાથે ચાલી નીકળ્યો. આમ મહાન જાદુગર સીમોનનું બદલાણ થયું.

એમ પણ લખેલું છે કે - ઘણાં જાદુગરોએ પોતાના પુસ્તકો એકઠા કરીને સર્વના દેખતા તેઓને બાળી નાખ્યાં. તેઓનું મૂલ્ય ગણી જોતાં તે પચ્ચીસ હજાર રૂપિયા થયું. (પ્રે.કૃ. ૧૯:૧૯).

કેતને કહ્યું, "મમ્મી, ત્યારે તો જાદુગર જોવા જવું એ ખરાબ છે. નહીં? હવે તો મારા મિત્રોને પણ સમજાવીશ કે જાદુગર જોવા ન જાય."

મમ્મીએ કહ્યું, "બરાબર છે." જાદુક્રિયા યહોવાહની દૃષ્ટિમાં ભૂંડી છે.

## ◈◈ જય કોનો ? ◈◈

એક ગામ હતું. ગામમાં બે ભાઈઓ રહે. એક સારો બીજો દુષ્ટ. એક સત્ય, બીજો અસત્ય. સત્ય ભોળો, નમ્ર અને સૌને પ્રિય હતો. અસત્ય લૂચ્ચો, જૂઠો અને દગાખોર હતો.

અસત્ય હંમેશા સત્યની આગળ ડંફાશ મારે અને કહે, "હું મહાન છું, દુનિયા મારાથી જ ચાલે છે, મારા કારણે જ લોકો સુખી રહે છે." પણ સત્ય તો એક પણ શબ્દ ન બોલે. ચૂપચાપ સાંભળ્યા કરે.

એકવાર તો સત્યએ પણ તેની સાથે દલીલ કરી. પછી બન્નેએ નક્કી કર્યું કે આપણે સાબિત કરી બતાવવું કે કોણ મહાન છે?

સત્ય એક સંતપુરૂષ પાસે ગયો. તેની સાથે રહેવા લાગ્યો. બંન્નેની દોસ્તી થઈ ગઈ. બન્ને પોતાની મીઠી મધુરી વાણીથી લોકોને ઉપદેશ આપતા હતા. બન્નેને લોકો મહાત્મા તરીકે ઓળખવા લાગ્યા. સેંકડો લોકો તેમનો ઉપદેશ સાંભળવા દૂર દૂરથી આવતા.

અસત્ય એક ખૂબજ પૈસાદાર પણ ઠગ જેવા માણસ પાસે ગયો. તે વેપારી હતો. સરખા સ્વભાવવાળાની દોસ્તી થતા વાર ન લાગે. વેપારી ભેળસેળ કરીને લોકોને છેતરતો હતો. મરચામાં રંગીન વેર ભેળવતો, મરિયામાં પપૈયાના બી ઉમેરતો, શુધ્ધ ઘીમાં પ્રાણીની ચરબી ભેળવતો, અને કોઈપણ વસ્તુ ભેળસેળ કર્યા વિના વેચતો નહિ. તેને માત્ર વધુ નફો થાય તેમાં જ રસ હતો.

અસત્યની દોસ્તીથી તો તેની દુકાનની ઘરાકી વધી ગઈ. જૂઠી જાહેરાતો અને ઈનામોની યુક્તિઓ દ્વારા ગ્રાહકોને આકર્ષતા હતા. તેની દુકાનમાં ખૂબજ વકરો થવા લાગ્યો પણ..કહેવાય છે કે પાપ ઝાઝા દિવસ ટકતું નથી. એક ગ્રાહકને ખબર પડી કે તેણે લીધેલી વસ્તુ ભેળસેળવાળી છે. તે ગયો સીધો ગ્રાહક સુરક્ષાની ઓફિસે કેસ કર્યો. કોર્ટમાં કેસ ચાલ્યો. લોકોના જીવ સાથે ચેડા કરવા બદલ તેને આકરી સજા ફટકારવામાં આવી. પોલીસે તે વેપારીને દસ વર્ષ માટે જેલમાં ધકેલી દીધો. અસત્ય એકલો પડ્યો. તેને થયું, લાવ સત્યને મળવા દે. તેનું શું ચાલે છે?

તે તો પાછો ગામમાં ગયો. ગામની ભાગોળે તો હજારો માણસો બેઠાં છે. કોઈ સંત મહાત્મા ઉપદેશ આપે છે અને બધાં

શાંતિથી સાંભળે છે.  અસત્ય તો પાસે ગયો. અરે, જે મહાત્મા ધર્મનો ઉપદેશ આપતો હતો તેની પાસેતો સત્ય જ બેઠેલો છે. તે ખમચાઈ ગયો. બીજે દિવસે તેને મળીશ તેવું વિચારીને તે પાછો ગયો.

જે મહાત્મા ઉપદેશ આપતા હતા તે ઘણાં વૃધ્ધ હતા. રાત્રે હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું. બધાને ખૂબ આઘાત લાગ્યો. લોકોના ટોળેટોળાં સંતના દર્શને આવતા હતા અને સત્ય ત્યાં જ ઊભો રહેતો હતો. ખૂબ જ માન સન્માન સાથે તેમની અંતિમવિધિ કરવામાં આવી.

અને પછીના દિવસે...સત્ય પોતે લોકોને ઉપદેશ આપવા લાગ્યો. વધુ ને વધુ લોકો તેનો ઉપદેશ સાંભળવા આવતા હતા. આ બધું જોઈને અસત્યતો અકળાઈ ગયો. ફરી પાછો પેલા વેપારીના ગામમાં ગયો. પણ ત્યાં શું થયું?લોકોએ તેને ઓળખી કાઢ્યો. આ તો પેલા ઠગ વેપારીનો મિત્ર છે. તેની તરફથી મો ફેરવી લેતા. તે ત્યાં થી બીજા ગામ ચાલી નીકળ્યો.

જોયું? જ્યાં સત્ય હોત તે  જીવન સફળ બને છે, સુંદર બને છે અને જ્યાં અસત્ય હોય તે જીવન નિષ્ફળ રહે છે, કદરૂપુ બની જાય છે.

દુનિયા પર સત્ય અને અસત્ય બન્ને ફરી રહ્યાં છે. બન્ને પોતપોતાના શિષ્યો વધારવાની ધૂનમાં છે અને ઘણાં લોકો જાણે અજાણે અસત્યના શિષ્ય બની જાય છે. યાદ રાખો, આપણે અસત્યની ચુંગલમાં તો નથી ફસાયા ને! હંમેશા સત્યને જ સ્વીકારજો. સત્યનો જ સદા જય છે.

## ◈◈ આપણા કાજે ◈◈

ઈસુ બેથાનીમાં સિમોન કોઢીના ઘરમાં હતા, તે સમયે એક સ્ત્રી જટામાંસીનું ખૂબ મૂલ્યવાન અત્તર લઈને આવી. અને ઈસુના માથા પર રેડ્યું. કેટલાક લોકો ગુસ્સે થઈ ગયા. ઈસુએ કહ્યુ, "એને કરવું હોય તેમ કરવા દો. તેણે મારા શરીરને અગાઉથી અત્તર રેડીને દફન માટે તૈયાર કર્યું છે."

આજ સમય દરમ્યાન પ્રભુ ઈસુનો શિષ્ય યહુદાએ એક દુષ્ટ યોજના બનાવી. માત્ર ત્રીસ રૂપિયામાં ઈસુને પકડાવી દેવાની દુષ્ટ યોજના. અને એ યોજના પ્રમાણે પ્રભુ ઈસુને પકડી લેવામાં આવ્યા, પછી શું થયું?

પ્રભુ ઈસુના માથા પર કાંટાનો મુગટ મૂકવામાં આવ્યો.

તેમના કપડાં કાઢી લેવામાં આવ્યાં.

કાંટાવાળા કોરડાથી તેમને ફટકા મારવામાં આવ્યાં.

ફટકા મારનારાઓ થાકી જાય ત્યાં સુધી ફટકા મારતા હતા.

શરીરમાંથી માંસના લોચા ઉખડી જતા હતા.

રુધિરની ધાર વહેતી હતી.

અસહ્ય વેદના તેમને થતી હતી.

પણ મૂંગામોંએ તેમણે સહન કર્યું.

પોતાનો વધસ્તંભ ઊંચકીને ચાલ્યા.

ગલગથા નામની ટેકરી પર વધસ્તંભ પર તેમના બે હાથે અને બે પગે ખીલા મારવામાં આવ્યા.

ખીલા અને હથોડાના અવાજના પડઘા પડતા હતા.

બે ચોરની વચ્ચે તેમને ક્રુસ ઉપર જડી દેવામાં આવ્યા.

છતાં તેઓ શું બોલ્યા?

"હે બાપ, તેઓને માફ કર, કેમકે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી."

આ બધું તેમણે કેમ સહન કર્યું?

આપણા પાપોને કારણે તે ક્રૂસ પર વિંધાયા.

આપણા પાપોને કારણે તેણે અસહ્ય વેદના સહન કરી.

આ બધું તેણે આપણા કાજે સહન કર્યું.

હા, આપણા પાપોને કાજે તેણે દુઃખો વેઠયાં.

આપણા કાજે, આપણા કાજે...

આપણા કાજે સહન કરેલા દુઃખોનો બદલો

આપણે પ્રભુને કેવી રીતે ચુકવીશું?

"પ્રભુ, અમે જાણીએ છીએ કે અમારા

હૃદય ઉપર તમે ટકોરા મારો છો.

એ ટકોરા અમને સંભળાય અને અમે

અમારા દિલમાં તમને સ્થાન આપીએ એવું

થવા દો, અને.

ક્રૂસ ઉપરની તમારી કુરબાની અમે કદી ન ભૂલીએ,

કેમકે એ કુરબાની હતી માત્ર

અમારા કાજે, અમારા કાજે.

## ◈◈ દેવનું રક્ષણ ◈◈

દાદાને પેપરનું વ્યસન. સવાર પડે અને પેપર હાથમા ન આવે ત્યાં સુધી ચેન પડે નહિ. ૨૦૦૯ ના એપ્રિલ માસનો પ્રથમ દિવસ. ગુજરાત સમાચારના મુખ્ય સમાચાર પર નજર પડી ત્યાં જ દાદાએ બૂમ પાડી. "રેઝીન, નોએલ..."બંને બાળકો દોડતાં આવી ગયા. "શું થયું દાદા ?" દાદાએ કહ્યું, "આ ફોટો જુઓ. શહેરમાં સિંહ આવ્યો છે. રાયખડની હવેલીમાં બેઠો છે. આજે ક્યાંય બહાર નીકળશો નહિ."

ફોટો જોઈને બંને બોલી ઉઠ્યા, "બાપ રે ! કેવો ભયંકર સિંહ છે ?" નાનકડો નોએલ બોલ્યો, "આ સિંહ આપણને મારી જ નાખે ને ?" સમજણા રેઝીને કહ્યું, "ત્યારે શું જીવતા રહેવા દે ! જેને જુએ તેને ફાડી જ ખાય."

દાદાએ કહ્યું, "પણ દીકરાઓ, ઘણાં સિંહોની વચ્ચે નાખવામાં આવેલા પ્રભુના એક ભક્તને સિંહોએ કંઈ જ ઈજા કરી નહોતી." રેઝીન અને નોએલ બોલી ઉઠ્યા, "દાદા, એ વાત અમને કહોને ?" દાદાએ કહ્યું, "પેપર વાંચીને પછી કહીશ."

પણ બંને ટાબરિયાઓએ લાડમાં હઠ કરી, "ના, અમને તો અત્યારે જ વાર્તા સાંભળવી છે." દાદાએ વાર્તા શરૂ કરી.

ઘણાં વર્ષો પહેલાં દાર્યાવેશ નામનો એક રાજા થઈ ગયો. પોતાના રાજ્યમાં વ્યવસ્થા જાળવવા માટે તેણે એકસો વીસ સૂબાઓ નીમ્યા. દાનિયેલ નામનો સૂબો રાજાને શ્રેષ્ઠ લાગ્યો. કેમ કે તેનામાં ઉત્તમ મન હતું. તે વિશ્વાસુ હતો. રાજાએ તેને આખા રાજ્ય પર મુખ્ય સૂંબા તરીકે નિમાવાનો વિચાર કર્યો.

બીજા સૂબાઓ દાનિયેલની ઈર્ષા કરવા લાગ્યા. તેઓ દાનિયેલનો દોષ શોધવા લાગ્યો. પણ કોઈ દોષ તેમને મળ્યો નહિ. છેવટે બધાએ ભેગા થઈને મસલત કરી અને રાજાની પાસે ગયા. રાજાને કહ્યું, "હે રાજા, ત્રીસ દિવસ સુધી રાજ્યનો જે કોઈ માણસ તમારા સિવાય અન્ય દેવ કે માણસની પાસે અરજ ગુજારે તેને સિંહોના બિલમાં નાખવો. હવે આ કાયદા ઉપર સહી કરો." રાજાએ સહી કરી.

દાનિયેલ તો હંમેશા દિવસમાં ત્રણવાર ઘૂંટણિયે પડીને દેવની પ્રાર્થના કરતો હતો. બીજી સૂબાઓએ તેને પ્રાર્થના કરતો જોયો. બધાં રાજા પાસે ગયા. દાનિયેલને શિક્ષા કરવામાં આવે તેવી માગણી કરી. રાજાને દાનિયેલ પર પ્રેમ હતો. પણ રાજાનું કંઈ ચાલ્યું નહિ. લોકોની ઇચ્છા પ્રમાણે રાજાએ હુકમ કર્યો કે દાનિયેલને સિંહોના બિલમાં નાખી દો. રાજાએ દાનિયેલને કહ્યું કે, "તારો જીવતો દેવ તને બચાવશે. દાનિયેલને સિંહોના બિલમાં નાખી દેવામાં આવ્યો. રેઝીન અને નોએલ બોલી ઊઠ્યા, "બાપ રે ! સિંહોએ તરત જ દાનિયેલને ફાડી નાખ્યો હશે."

દાદાએ કહ્યું, "ધીરજ રાખો. સાંભળો. દાર્યાવેશ રાજા મહેલમાં ગયો. તેણે કંઈ જ ખાધુ નહિં. તેને દાનિયેલની ચિંતા થવા લાગી. તે આખી રાત દાનિયેલ માટે પ્રાર્થના કરતો રહ્યો. બીજા દિવસે વહેલી પરોઢે ઉતાવળે ઉતાવળે તે સિંહોના બિલ પાસે ગયો. અને હાંક મારી, "હે દાનિયેલ જીવતા દેવના સેવક, શું તારો દેવ તને બચાવી શક્યો છે ?"

દાનિયેલે જવાબ આપ્યો, "હે રાજા, સદા જીવતા રહો. મારા દેવે પોતાના દૂતોને મોકલીને સિંહોના મોં બંધ કરાવ્યા છે. અને તેઓએ મને કંઈપણ ઈજા કરી નથી."

દાદાએ ક્હયું, "જે કોઈ પ્રભુ પર વિશ્વાસ રાખે છે અને માત્ર તેની જ પ્રાર્થના કરે છે તેની પ્રભુ હંમેશા સંભાળ રાખે છે."

એટલામાં બેઉલાહ ચર્ચમાંથી રેઝીનના પપ્પા રેવ. ક્રિસ્પસનો ફોન આવ્યો કે શહેરમાં સિંહ આવ્યો છે તે વાત સાવ ખોટી છે. બધાને એપ્રિલફૂલ બનાવવાના સમાચાર હતા. માટે ગભરાશો નહિ. રેઝીનની મમ્મી સિલ્વાનાએ પણ ફોન પર કહ્યું, બાળકો, ગભરાશો નહિ. આ તો એપ્રિલફૂલ છે. પણ યાદ રાખો કે ગમે મુશ્કેલીમાં પ્રાર્થના જ કર્યા કરવી.

નોએલની મમ્મી નેન્સીએ કહ્યું, "ભલે બધાં એપ્રિલફૂલ બન્યા. પણ રેઝીન અને નોએલને તો લાભ જ થયો છે. દાનિયેલની વાત જાણવા મળી. ખરું ને !" નોએલના પપ્પા જોસેફ કહ્યું, "બરાબર છે. એપ્રિલફૂલના સમાચાર આપણા માટે તો સારા નીવડયા. 1st April is very good day for us. દાદાએ કહ્યુ, "બાળકો, યાદ રાખો. કોઈપણ પરિસ્થિતિમાં "યહોવાહ તારો દેવ છે, તે તને છોડી દેશે નહિ." આ વચન હંમેશા યાદ રાખજો.

## ◈◈ ચાર ચોરનું નવું વર્ષ ◈◈

કલકત્તા શહેરનો અતિ પછાત વિસ્તાર - ગરીબોની ઝૂંપડપટ્ટીમાં ચાર ચોર રહે. ચોરી કરે, કોઈના પાકીટ તડફાવે અને ઉઠાવગીરી કરે. અઠવાડિયામાં એક દિવસ ભેગા થાય અને પોતાના ધંધાની ચર્ચા કરે.

શિયાળાની ઋતુ હતી. તીવ્ર ઠંડી પડતી હતી. સરકારી કચેરીઓમાં રજા હોવાથી તેમણે આજે ધંધો (પાકીટમારનો) બંધ રાખ્યો હતો. કેમકે રજાના દિવસે બસ અને ટ્રેનોમાં સંખ્યા ઓછી હોય છે અને તેમને ધંધાની ખરી મઝા ગીર્દી હોય ત્યારે જ આવે. સવાર સવારમાં જ ચારેય ચોર ભેગા થઈ ગયા.

પહેલો ચોર : "અરે યારો ! શું ચાલે છે? આજે તો બધા વહેલા વહેલા આવી ગયા!"

બીજો ચોર : નવરા બેઠા શું કરવાનું? તેથી નીકળી પડ્યાં.

ત્રીજો ચોર : (નિસાસો નાખીને ) "યાર! આ અઠવાડિયું તો ખૂબ ખરાબ ગયું."

પહેલો ચોર : "કેમ?"

ત્રીજો ચોર : "આ કમનસીબ હાથમાં કંઈજ આવ્યું નથી.."

બાકીના ત્રણે ચોર : "અમારી પણ એ જ હાલત છે."

બીજો ચોર : "કંઈક પ્લાન બનાવવો પડશે. નહિતર પૈસા વિના હવે ચાલશે નહિ."

(વિચારે છે ત્યાં જ દેવળનો ઘંટ વાગ્યો ટન્...ટન્...ટન્...)

ચોથો ચોર : "હત્ તારી...આ વળી ટન્..ટન.. અવાજ ક્યાં શરૂ થયો?"

ત્રીજો ચોર : "મળી ગયો પ્લાન, દોસ્તો! મળી ગયો પ્લાન. સાંભળો, આ ઘંટના અવાજથી જ મારા મનમાં વિચાર આવી ગયો. આ ઘંટ જ્યાં વાગે છે તે ખ્રિસ્તીઓનું ચર્ચ છે. એ મંદિરમાં અત્યારે હજારોની સંખ્યામાં ભક્તો એકઠાં થશે. બધા ભક્તિમાં તલ્લીન થઈ જાય ત્યારે..."

બીજો ચોર : "પણ આપણે એ ભક્તિ સાથે શી લેવાદેવા?"

ત્રીજો ચોર : "અરે, સમજતો કેમ નથી? આપણે ભક્તિ કરવા થોડું જવાનું છે? સારા માણસો પાસે ગોઠવાઈ જવાનું અને હાથની કરામત અજમાવી દેવાની."

પહેલો ચોર : "પણ ભગવાનનાં મંદિરમાં આવું..."

ત્રીજો ચોર : "કેમ ના થાય? એકવાર ભગવાનની મૂર્તિનો સોનાનો મૂગટ તું જ તો ચોરી લાવેલો!"

પહેલો ચોર : "સારું, સારું ચાલો હવે ભક્તોને લૂંટવાનું મોડું થાય છે."

(ત્રણે જણા ચર્ચમાં ગોઠવાઈ જાય છે)

ધર્મગુરૂ : "આજના નવા વર્ષના શુભદિને સૌને સાલમુબારક. ઈશ્વરે આપણને નવા વર્ષનો શુભ દિવસ બતાવ્યો. પણ આપણે હજુ ઘણી બાબતો જીવનમાં ઉતારવાની બાકી છે."

(પહેલો ચોર એક વ્યક્તિના કોટના ખિસ્સામાંથી દેખાતા પાકીટ તરફ જોઈ રહ્યો હતો)

ધર્મગુરૂ : "પ્રભુ ઈસુએ કહ્યું છે કે, કયે માર્ગે ચાલવું તે હું તને શીખવીશ તથા બતાવીશ"

(અને ચોર સમજ્યો કે ધર્મગુરુ જોઈ ગયા છે. તેથી ડાહ્યો થઈને બેસી ગયો.) (એક ચોર આગળ બેઠેલા ગૃહસ્થના ગળામાંથી

સોનાની ચેઈન આંચકી લેવા ટાંપીને બેઠો હતો. ત્યાં જ...)

ધર્મગુરુ : "અને તેઓનો જમણો હાથ તો જૂઠાઈનો હાથ છે." ગી.શા. ૧૪૪)

(અને તે ચોર સીધો બેસી ગયો.)

ધર્મગુરુ : "કેમ કે દુષ્કર્મીઓનો સંહાર થશે. પોતાની ભૂલો કોણ જાણી શકે ? છાનાં પાપથી તું સૌને મુક્ત કર."

"જે માણસ પોતાના ઉલ્લંઘનો છુપાવે છે તેમની આબાદી થશે નહિ; પણ જે કોઈ તેમને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે તેઓ પર દયા કરવામાં આવશે. માટે વહાલાંઓ આવો, આપણે પણ પાપ કબૂલ કરીએ અને નવા વર્ષે પ્રભુને આપણા જીવનો અર્પીએ.

ચર્ચ પૂરું થયું. બધા બહાર આવ્યાં. પેલા ચાર ચોર પણ બહાર આવ્યા. હવે તે પહેલાના ચોર રહ્યા ન હતાં, તેમના હૃદયોમાંથી શેતાન દૂર ભાગી ગયો હતો. સાંભળેલા વચનો તેમને વારંવાર યાદ આવતા હતાં.

કેટલાય દિવસ સુધી ચોરી કરવા જવાનું મન થયું નહીં. પૈસા ન હતાં છતા તેમને અદ્‌ભૂત શાંતિ લાગતી હતી. ફરીથી ચારે ચોર ભેગા થયાં, દરેકે આ વાત રજૂ કરી. તેમણે નક્કી કર્યું કે હવે આ ચોરીનો ધંધો આપણે કદી કરવો નહીં. તેઓ એક કારખાનામાં કામ જોડાઈ ગયા અને મહેનત કરી કમાયેલા પૈસામાંથી સુખનો રોટલો ખાતા 'હાશ' અનુભવવા લાગ્યા, ખરેખર નવું વર્ષ તેમના જીવનોને નવું કરી ગયું. તેઓ નિયમિત ચર્ચની સંગતમાં ભાગ લેવા લાગ્યા.

## ◇◇ લોભી ધનાચંદ ◇◇

ધનાચંદ નામનો એક મરજીવો. દરિયાનું તળિયું ફંફોસીને મોતી શોધી લાવવામાં પાવરધો. શહેરમાં એનું પાકું મકાન. પણ તેને તો દરિયાકિનારે જ વધારે ગમતું.

આખી જીંદગી ઘણાં મોતી શોધી લાવીને તેણે વેચ્યાં હતા. આથી તેની પાસે સારી એવી મૂડી એકઠી થઈ હતી. હવે તેને મહેનત કરવાની જરૂર ન હતી. વળી પાકટ ઉંમરને કારણે ઘરનાં સૌ તેને દરિયામાં ડૂબકી લગાવવાની ના પાડતા. પણ લોભી જીવ એમ માને ખરો ! “બસ, આટલી જ વાર.” એમ કહીને પાછો દરિયો ડહોળવા કૂદી પડતો. બે-ચાર મોતી લઈ આવતો. વળી પાછા બે-ત્રણ મહિના થાય એટલે ફરીથી “બસ, આટલી જ વાર.” કહીને દરિયામાં ડૂબકી લગાવતો.

એકવાર તો બધાએ ના જ પાડી. ત્યારે તેણે વચન આપ્યું. “બસ, આ છેલ્લીવાર.” અને એમ કહીને મોતી શોધવા દરિયામાં અદ્રશ્ય થઈ ગયો. તેણે ઘણી મહેનત કરી પણ એક મોતી ન મળ્યું. તેને થયું કે હવે બીજી વાર મને બધા આવવા નહીં દે. લાવને હજી વધારે પ્રયત્ન કરું. અને કલાકો સુધી તે મોતી શોધતો જ રહ્યો. પણ મોતી ન મળ્યું.

અચાનક તેના શરીરમાં કંઈક થવા લાગ્યું. ઉંમરને કારણે શરીરમાં અશક્તિ હતી. તે મહામહેનતે બહાર આવ્યો. બહાર આવીને દરિયા કિનારે ઢળી પડ્યો. સગાંવહાલાં ભેગા થઈ ગયા. તાત્કાલિક હોસ્ટિપટલમાં દાખલ કર્યો. ડૉકટરે જાહેર કર્યું કે તેને લકવાની અસર છે. ઘણાં મહિના દવા ચાલી. કેટલાય મોતીની

કિંમત જેટલો ખર્ચ થઈ ગયો. તોયે ખાટલા વશ જ રહેવાનું થયું. તેના લોભી જીવને કારણે વધારે શ્રમ કરવાથી તેની આવી સ્થિતિ થઈ ગઈ.

**"ધનદોલત ન આવે સાથે, આવે નહિ વિદ્યા કે મોતી,**
**પ્રભુની ભક્તિ કરી હશે તો મળશે સૌનો દિવ્યશક્તિ."**
**માટે કદી લોભ કરવો નહિ.**

## ◈◈ નાતાલનું મહત્ત્વ ◈◈

(નિરવ અને રોબર્ટ બંને વાતો કરતાં કરતાં રોબર્ટનાં ઘર તરફ જઈ રહ્યાં છે.)

નિરવ : "અરે, રોબર્ટ, આ ૨૫મી એ તો હોલી ડે છે. આપણે મેચ કોમ્પીટીશન રાખીશું ?"

રોબર્ટ : "આ ૨૫મી એ ? તને યાદ છે એ શાનો હોલી ડે છે ?"

નિરવ : (આંગળી દાઢી પર રાખી યાદ કરતો)
"હં...મ્...ક્રિસમસની રજા છે. અરે, એ તો તારો તહેવાર છે. પણ મેચ તો આપણે બપોરે રાખીશું ને ?"

રોબર્ટ : "ક્રિસમસ એ સામાન્ય તહેવાર નથી. જગતના તમામ ખ્રિસ્તીઓ માટે એ મોટામાં મોટો મહત્ત્વનો તહેવાર છે. મહા આનંદનો દિવસ છે. તે દિવસે મેચ-બેચ રખાય નહિ."

નીરવ : "તહેવાર પર શું કરવાનું ? સારું સારું ખાવાનું, સારું

પહેરવાનું, મ્યુઝીક સાંભળવાનું અને એકબીજાને મળવાનું એ જ ને ! પછી બપોરે ટાઈમ ન મળે ?"

રોબર્ટ : "ભાઈ નીરવ ! એ દિવસે અમારે ઘણી ઘણી પ્રવૃત્તિ કરવાની હોય છે."

નીરવ : "એ વળી શું ?"

રોબર્ટ : "સાંભળ, બે હજાર વર્ષ પહેલાં બેથલેહેમ ગામમાં પ્રભુ ઈસુનો જન્મ એક ગભાણમાં થયો હતો. તે રાત્રિ અંધારી હતી. જ્યારે પ્રભુ ઈસુનો જન્મ થયો ત્યારે ગભાણ ઉપર એક મોટો તેજસ્વી તારો પ્રગટ્યો. તે અદ્ભુત તારો હતો. ખેતરમાં ઘેટાં સાચવીને બેઠેલા ભરવાડોને દેવદૂતે ઈસુના જન્મની વાત કરી. અને એ તારો ભરવાડોને ગભાણ પાસે દોરી લાવ્યો. એ ઘટનાની યાદમાં ખ્રિસ્તીઓ ઘર આગળ તારો લટકાવે છે."

નીરવ : "બીજું તમે શું શું કરો છો ?"

રોબર્ટ : "અમે ક્રિસમસ ટ્રી બનાવીએ છીએ. તેને શણગારીએ છીએ. ક્રિસમસના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ કરવાનો હોય છે. તેથી નાટક, ગરબા, ગીત વગેરેની પ્રેકટીસ કરવાની હોય છે. સુંદર કાર્યક્રમ તૈયાર કરીએ છીએ. એકબીજાના ઘેર મળવા જઈએ છીએ અને "મેરી ક્રિસમસ" કહીએ છીએ. આમ આખો દિવસ આનંદમાં ગાળીએ છીએ.

નીરવ : "હવે સમજાયું કે ક્રિસમસ એ પ્રભુ ઈસુનો જન્મ દિવસ છે. પરંતુ પ્રભુ ઈસુએ તમારા માટે શું કર્યું ?

રોબર્ટ : "અરે, મહત્ત્વની વાત તો રહી જ ગઈ. ઈસુએ ઘણાં ચમત્કારો કર્યાં. આંધળાને દેખતાં કર્યાં, લંગડાને ચાલતા

કર્યાં, બહેરાંને સાંભળતા કર્યાં, રોગીઓને રોગથી મુક્ત કર્યાં, અને ભૂતો પણ કાઢ્યા હતા. તેમણે અમને માફ કરવાની વાત શીખવી છે."

નીરવ : "એ વળી શું ?"

રોબર્ટ : "ગમે તેવો પાપી માણસ હોય, ખુની હોય, લુંટારો હોય, ચોર હોય, પણ જો તે ખરા હૃદયથી દેવની પાસે પોતાના પાપ કબૂલ કરે તો તેના પાપ માફ કરી દેવામાં આવે છે. તે પવિત્ર બની જાય છે. તેણે કરેલાં પાપ ધોવાઈ જાય છે. અને તે સ્વર્ગમાં જવા માટે લાયક બને છે."

નીરવ : આ તો ઘણું સારું કહેવાય. કેમ કે દુનિયામાં તો ચોર, લૂંટારા, ખૂની, ડાકુથી તો બધાં દૂર ભાગે. જ્યારે આ તો તેમને માફ કરી દેવામાં આવે અને તે સારું જીવન ફરીથી જીવી શકે છે. એમ જ ને !

રોબર્ટ : "હા, તું બરાબર સમજ્યો. તેમને વિરોધી લોકોએ ક્રૂસ પર જડી દીધા. તે મૃત્યુ પામ્યા. પરંતુ ત્રીજે દિવસે તે ફરી સજીવન થયાં અને લોકોના દેખતાં જ આકાશમાં ચડી ગયા. વાદળોએ તેમને ઢાંકી દીધા. ઈસુ પર વિશ્વાસ રાખનાર વ્યક્તિ જો મરી જાય તો દુનિયાના અંત સમયે તે ફરીથી જીવંત થશે અને સ્વર્ગનું અનંતકાલીન સુખ તે ભોગવશે."

નીરવ : "મૃત્યુ પછી તમારે પણ પુનઃજન્મના ચોર્યાસી ફેરા ફરવા ના પડે ?"

રોબર્ટ : "ના, જીવન એક વાર છે. જગતને માટે જ પ્રભુ ઈસુએ પોતાનું જીવનનું બલિદાન આપ્યું હતું. તે જીવતો દેવ છે.

એમના જન્મદિવસને પવિત્રતાથી અમે ઊજવીએ છીએ. માટે જ મેચ રમવા માટે હું બપોરે કેવી આવી શકું ?"

નીરવ : "ના ભાઈ ના. હવે સમજાયું. ચાલ, હવે હું મારા ઘેર જાઉં. ક્રિસમસ પર તારા ઘેર ચોક્કસ આવીશ. ગુડબાય"

રોબર્ટ : "ગુડબાય."

## ◈◈ નાતાલના પ્રતીકો ◈◈

નાતાલ એટલે વર્ષનો સૌથી છેલ્લો તહેવાર, છતાંય સૌથી અગત્યનો. નાતાલ પ્રેમ અને પ્રકાશનો તહેવાર છે. દુનિયાના મોટાભાગના દેશોમાં નાતાલ ધૂમધામથી ઊજવવામાં આવે છે. ઠંડીનો ચમકારો વધતો જતો હોય તેવા દિવસોમાં ઉમંગથી સૌ નાતાલ ઊજવવાની તૈયારી કરવા લાગી જાય છે. આ દિવસોમાં ઘણાં એવા પ્રતીકો જે નાતાલ સાથે જોડાઈ ગયાં છે તે આનંદમાં ઓર વધારો કરે છે.

નાતાલના દિવસોમાં સૌથી લોકપ્રિય પ્રતીક હોય તો તે છે શાન્તાક્લોઝ. તેને ક્રિસમસ ફાધર પણ કહેવામાં આવે છે. મોટા મોટા શહેરોમાં તો ઘણી દુકાનોમાં અને જાહેર સ્થળોએ શાન્તાક્લોઝ હાજર રહી બાળકો તથા મોટેરાંઓને ગમ્મત કરાવે છે. ભેટો આપે છે. લાલ કપડાં પહેરેલો, મોટાં પેટ વાળો, સફેદ દાઢી મૂછવાળો અને ઊંચા લાલ ટોપાવાળો શાન્તાક્લોઝ બાળકોને ખૂબ પ્રિય છે. એની પાછળ એક દંતકથા રહેલી છે, સંત નિકોલસ નામનો એક

સેવક જે ગુપ્ત રીતે જરૂરિયાતવાળાંને મદદ કર્યા કરતો હતો. એક ગરીબ ખેડૂત તેની દીકરીના લગ્નના ખર્ચ માટે ભારે ચિંતામાં હતો. ત્યારે ઘર ઉપરની ચીમની વાટે સંત નિકોલસે સોનામહોરો ભરેલી થેલી તેના ઘરમાં સરકાવી દીધી. ગરીબ ખેડૂતની ચિંતા દૂર થઈ અને ત્યારથી સંત નિકોલસને બધાં શાન્તા ક્લોઝના નામે ઓળખે છે. આજે પણ ઘણાં બાળકો ક્રિસમસ ટ્રી ઉપર મોજું લટકાવીને સૂઈ જાય છે. અને આશા રાખે છે કે સ્લેજ ગાડીમાં બેસીને શાન્તા ક્લોઝ આવશે અને સુંદર ભેટ મોજાંમાં મૂકી જશે.

નાતાલ એટલે ઘરને શણગારવાનો તહેવાર. તેમાંય ક્રિસ્મસ ટ્રી (નાતાલનુ વૃક્ષ) તો બધાંને ખૂબ ગમે. ઈંગ્લેન્ડ, યુરોપ અને અમેરિકાના દેશોમાં ડિસેમ્બરમાં ખૂબ ઠંડી પડે છે. અતિશય ઠંડીને કારણે બધાં જ વૃક્ષના પાંદડાં ખરી પડે છે. પરંતુ સરૂ નામના વૃક્ષના પાન ખરતાં નથી. તે લીલાંછમ રહે છે. વળી બરફવર્ષાને કારણે તેની ડાળીઓ નમેલી રહેતી હોવાથી તે ખૂબ આકર્ષક લાગે છે. કહેવાય છે કે ત્યાંના પછાત લોકો લીલાંછમ રહેતાં આ વૃક્ષોમાં દેવનો વાસ છે તેવું માનતા હતા. અને તેથી જ તે લીલાં રહે છે તેમ કહેતા. પરંતુ એક વાર પ્રભુ ઈસુનો એક ભક્ત ત્યાં આવ્યો.. તેણે કુહાડાથી સરૂના વૃક્ષને કાપી નાખ્યું. પેલા લોકોએ જોયું કે વૃક્ષ કાપનાર યુવાન પર કોઈ દૈવી કોપ આવ્યો નહિ. તેનો અર્થ એ કે વૃક્ષમાં રહેતા દેવ કરતાં આ વૃક્ષ કાપનાર માણસનો દેવ મહાન છે. અને ત્યારથી તે લોકો પ્રભુ ઈસુના ભક્ત બની ગયાં અને સરૂના વૃક્ષને શણગારીને પ્રભુ ઈસુના જન્મદિને આનંદ કરવા લાગ્યા. ત્યાર પછી આ વૃક્ષનો મહિમા વધતો જ ગયો. આજે ઘેરઘેર શણગારેલું ક્રિસમસ ટ્રી જોવા મળે છે.

બીજું અગત્યનું પ્રતીક તારો છે. નાતાલ આવતાં પહેલાં દરેક દરેક ઘેર કાગળના બનાવેલાં આકર્ષક મોટા તારા ઘર આગળ ઊંચે લટકાવવામાં આવે છે. તારાઓ વિષે દુનિયાના ખગોળ શાસ્ત્રીઓએ ઘણી માહિતી વિશ્વને આપી છે. પરંતુ આશરે બે હજાર વર્ષ પૂર્વે અવકાશમાં ઊગેલા એ અદ્‌ભૂત તારાની વાત અનોખી છે. પ્રભુ ઈસુનો જન્મ થયો તેની સાથે જ આકાશમાં એક તેજસ્વી તારો પ્રગટ થયો. ખેતરમાં ઘેટાં ચારતાં ઘેટાંપાળકોને દૂતે વધામણીના સમાચાર આપ્યા. વધારે આશ્ચર્યકારક ઘટના તો એ હતી કે તારો આકાશમાં ચાલવા લાગ્યો. અને ઘેટાપાળકો તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા. જ્યાં પ્રભુ ઈસુનો જન્મ થયો હતો તે ગભાણ પર તારો આવીને થંભી ગયો. આ ઘટનાને યાદ કરી સૌ પોતાના ઘર આગળ તારો લટકાવે છે અને દેવનો મહિમા આનંદ સાથે પ્રગટ કરે છે.

ઘણાં દેવળોમાં અને ઘરોમાં નાની કે મોટી ગભાણ બનાવીને શણગારવામાં આવે છે. તેની ઉપર તેજસ્વી તારો ચમકતો હોય, પરાળની પથારીમાં બાળ ઈસુ પોઢેલા હોય, યૂસફ અને મરિયમ હસતા બાળક સામે જોતાં હોય, ગભાણની બહાર દૂતો ગીતો ગાતાં હોય, ગધેડા પણ પાસે ઊભા રહી ઈસુના મલકતા મુખને જોતાં હોય અને આગળ ત્રણ રાજાઓ સોનું, બોળ અને લોબાન પ્રભુને અર્પણ કરતાં હોય એવી બાબતો દર્શાવવામાં આવે છે. આમ ગભાણ, ભરવાડો, ત્રણ માગીઓ વગેરે પણ નાતાલનો મહિમા દર્શાવતાં પ્રતીકો છે.

નાતાલ આવે એટલે એકબીજાને શુભેચ્છા પાઠવવા માટે વિવિધ પ્રકારના ક્રિસમસ કાર્ડની ખરીદી શરૂ થાય. બ્રિટનના એક ચિત્રકારે ઈ. સ. ૧૮૪૬માં એક ક્રિસમસ કાર્ડ બનાવ્યું હતું. ત્યારથી

ક્રિસમસ કાર્ડ પણ ખૂબ જ મહત્ત્વ પામતું રહ્યું છે.

નાતાલ આવે એટલે મિણબત્તીઓ પણ ખરીદવામાં આવે. રંગરંગીન, નાની-મોટી, વિવિધ આકારની મિણબત્તીઓ વાતાવરણને પ્રકાશમય બનાવી દે છે. જેમ નાનકડી ગભાણમાં જન્મેલા દેવના પુત્ર (પ્રભુ ઈસુ) એ આખા વિશ્વને સ્વર્ગમાં પ્રવેશવા માટે પ્રકાશિત માર્ગ બતાવ્યો. તેમ નાનકડી મિણબત્તીના પ્રકાશ વડે જીવનને સાચો રાહ પ્રાપ્ત થાય તેવા હેતુથી મિણબત્તીઓ વડે રોશની કરવામાં આવે છે.

કેક નહિ તો ક્રિસમસ નહિ. ગમે તે મીઠાઈઓ બનાવી હોય પણ કેક તો અવશ્ય હોય. આગતુંક મહેમાનોનું કેક વડે સ્વાગત કરવામાં આવે છે.

"ક્રિસમસ કેરલ" એટલે ખાસ ભજન મંડળી. આ દિવસોમાં રાત્રે બાળકો અને મોટેરાંઓની ટોળી પ્રભુ જન્મનાં ગીતો ગાતાં ઘેર ઘેર દેવનો મહિમા પ્રગટ કરે છે. અને ગીત-સંગીત દ્વારા નાતાલનો આનંદ પ્રગટ કરે છે.

નાતાલનો આનંદ દરેકના મનને પ્રફુલ્લિત કરે છે. ઉપરનાં પ્રતીકો નાતાલના મહિમાને પ્રગટ કરે છે. આવા સમયે બધાં દાન આપીને દેવનો આશીર્વાદ પણ મેળવે છે. ચાલો, એક નવા વિચાર સાથે, નવા સંકલ્પ સાથે નાતાલના સૌ પ્રતીકોને આ દિવસોમાં માણીએ.

હેપી ક્રિસમસ.

## ◇◇ નવા વર્ષની જરૂરિયાત ◇◇

રેઝીન અને નોએલ, સીલુ, અને સ્વીટુ, સૌમિક અને આકાશ, જીમ અને ક્વીન્સી, શ્રેય અને શ્રેયા, રેની અને ઈવાન્સ, રીની અને સૌથી નાની સૃષ્ટિ.

કુટુંબના બધા ભાઈબહેનોએ આ નાતાલ ખૂબ આનંદથી ઊજવી. આ બધાં બાળકો પ્રભુની બીકમાં ચાલનારાં હતા. પોતપાતાના ઘરને શણગારવામાં તેમણે મદદ કરી હતી. કેરલ સીગીંગમાં આખી રાત ફર્યા હતા. સન્ડેસ્કૂલ દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. નાતાલના દિવસે વડીલો તરફથી ભેટરૂપે મળેલાં નાણાંમાંથી થોડાં થોડાં નાણાં ભેગાં કરી ભેટો પણ લાવ્યા અને ગરીબ મિત્રોને આપી હતી. આમ ખૂબ આનંદથી પ્રભુ ઈસુનો જન્મદિવસ ઊજવ્યો હતો.

નવા વર્ષની આગલી સાંજે તેઓ ભેગા થયાં. નવું વર્ષ કેવી રીતે ઊજવીશું. તેની ચર્ચા કરતાં હતા. રેઝીન તો પાળકસાહેબનો પુત્ર હતો. તેણે કહ્યું, “આપણે નવા વર્ષનો દિવસ તો ખૂબ આનંદથી ઊજવીશું. પણ તે પછીના ૩૬૪ દિવસનું શું ?”

ધીરગંભીર સૌમીક બોલ્યો - ‘હા ભાઈ, તમારી વાત સાવ સાચી છે. વર્ષના બીજા દિવસો વિશે પણ આપણે વિચારવું જોઈએ.’

રેઝીન : ‘હું એ જ કહું છું નવા વર્ષના દિવસોમાં આપણા જીવનો માટે કઈ કઈ બાબતો ખૂબ જરૂરની છે તેનો વિચાર કરવો જોઈએ.’

તોફાની નોએલ મોટેથી બોલી ઉઠ્યો : એમાં વળી શું વિચારવાનું ? ખોરાક, કપડાં, ચોપડીઓ, નોટો, રમકડાં...?

રેની : 'નોએલ, હવે તું નાનો નથી, રમકડાં, રમકડાં ન કર.'

રેઝીન : 'જુઓ આ બધી જરૂરિયાતો તો વર્ષોથી ઈશ્વરપિતા પૂરી પાડતાં જ રહ્યાં છે. એ બધી બાબતોથી કંઈ જ ખોટ આપણને પડવા દીધી નથી. પરંતુ...મારા માનવા પ્રમાણે આ વર્ષે આપણને 'શુદ્ધ હૃદયની ખૂબ જરૂર છે.' બાઈબલમાં પણ લખ્યું છે કે,

'યહોવાના પર્વત પર કોણ ચઢી શકશે ? જેનું હૃદય નિર્મળ છે,જેણે પોતાનું મન અસત્યમાં લગાડ્યું નથી.' (ગીતશાસ્ત્ર ૨૪:૩-૪)

આંખો મોટી કરીને આકાશ બોલ્યો :' બીજી જરૂરિયાત છે. 'નિર્મળ આંખની.' કેમ કે બાઈબલમાં લખ્યું છે કે, તારા શરીરનો દીવો આંખ છે, જ્યારે તારી આંખ નિર્મળ હોય છે ત્યારે તારું આખું શરીર પણ પ્રકાશે ભરેલું હોય છે. પણ તે ભૂંડી હોય છે, ત્યારે તારું શરીર પણ અંધકારે ભરેલું હોય છે. તેથી તારામાં જે અજવાળું છે તે અંધકાર ન હોય માટે સાવધાન રહે.' (લૂક ૧૧:૩૪,૩૫)

બાઈબલનાં વચનોની અભ્યાસી સિલુ બોલી : 'નિર્મળ આંખની સાથે સાથે નિર્મળ જીભની પણ આપણને જરૂર નથી ? કેમ કે બાઈબલ કહે છે - જે કોઈ પોતાના મોઢાની અને જીભની સંભાળ રાખે છે તે સંકટમાંથી પોતાના આત્માનું રક્ષણ કરે છે.' નીતિ. ૨૧:૨૩.

જીમને ચૂપચાપ બેઠેલો જોઈને શ્રેય બોલ્યો : 'જીમ તું તો કંઈક બોલ !'

જીમ : 'હું એ બાબત વિશે જ વિચારતો હતો. આપણને ખુલ્લા કાનની પણ ખૂબ જ જરૂર છે. કેમ કે બાઈબલમાં તેના વિષે

પણ કહ્યું છે કે - 'જેને કાન છે તે સાંભળે. જે જીતે છે તેને હું ગુપ્ત રાખેલ માન્નામાંથી આપીશ, વળી હું તેને શ્વેત પથ્થર આપીશ, તે પથ્થર પર એક નવું નામ લખેલું છે, તેને જે પામે છે તે સિવાય બીજું કોઈ તે નામ જાણતું નથી.'

સૌમિક : 'ઈશ્વરે આપણને બે સુંદર હાથ તો આપ્યા છે. પરંતુ 'શુદ્ધ હાથ' હોવા જરૂરી નથી ? કેમ કે બાઈબલ કહે છે - 'હું અન્યાયથી દૂર રહ્યો, માટે યહોવાએ મારું ન્યાયીપણું અને મારા હાથની શુદ્ધતા જોઈને તે પ્રમાણે મને પ્રતિદાન દીધું છે.' ગીતશાસ્ત્ર ૧૮:૨૩-૨૪.

એવામાં બાળકોના બાબુલ મામા ત્યાં આવી પહોંચ્યા.

બધાં બાળકો : 'મામા આવ્યા, મામા આવ્યા'

બાબુલ મામા : 'અરે ! બધાં કંઈ અગત્યની ચર્ચા કરતા હોય તેવું લાગે છે.'

રેઝીન : 'આવતા નવા વર્ષ માટે આપણને શુદ્ધ હૃદયની, નિર્મળ આંખની, નિર્મળ જીભની, ખુલ્લા કાનની, શુદ્ધ હાથની ખૂબ જરૂર છે તે વિશે અમે વિચારતાં હતા.'

બાબુલ : 'હા પણ, એક જરૂરિયાત રહી ગઈ. આ બધાંની જેમ 'સ્વચ્છ પગ'ની પણ એટલી જ જરૂર છે. કેમ કે બાઈબલ કહે છે કે - 'જે વધામણી લાવે છે, જે શાંતિની વાત સંભળાવે છે, જે કલ્યાણની વધામણી લાવે છે, જે તારણની વાત સંભળાવે છે, જે સિયોનને કહે છે કે તારો દેવ રાજ કરે છે, તેના પગ પર્વતો પર કેવા શોભાયમાન છે !' યશા. ૫૨:૭.

ઈવાન્સ : "અરે ! અંધારું થવા આવ્યું છે. મારું ઘર તો ખૂબ દૂર છે. હવે જલ્દી વાત પૂરી કરો'.

નોએલ : 'બરાબર છે. અંધારું થતાં પહેલાં આપણે ઘેર પહોંચી જવું જોઈએ. રેઝીન, તું પ્રાર્થના કરાવ". અને રેઝીને શુદ્ધ હૃદય, નિર્મળ આંખ, નિર્મળ જીભ, ખુલ્લા કાન, શુદ્ધ હાથ અને સ્વચ્છ પગની જરૂરિયાતો વિષે પ્રભુની પ્રાર્થના કરાવી. સૌ આનંદથી છુટા પડ્યાં.

## ◇◇ થોડોક વિલંબ - એક આશીર્વાદિત તક ◇◇

દક્ષિણ અમેરિકામાં એન્ડ્રીઝ પર્વત. પર્વત ઉપર બે પ્રજાસત્તાક રાજ્યો. આર્જેન્ટાઈન અને ચીલી. બંને દેશમાં પ્રભુના સેવકો જોરશોરથી પ્રભુનો સંદેશો લોકોને સંભળાવી રહ્યા હતા.

“પ્રભુ ઈસુ આપણા માટે વધસ્તંભ ઉપર જડાયા. મૃત્યુ પામ્યા. આપણાં પાપ પોતાના શિરે લીધા. તેમના મરણને યાદ કરાવનાર આ દિવસોમાં આપણે પ્રભુની આજ્ઞાઓ દ્રઢ પણે પાળીએ. એકબીજા પ્રેમ રાખીએ. એકબીજાને મદદ કરીએ. માત્ર પડોશી ઉપર જ નહિ, પડોશી દેશ ઉપર પણ પ્રેમ કેળવતાં શીખીએ. યુદ્ધ કરવાથી સત્ય કયારેય પ્રાપ્ત થતું નથી. યુદ્ધમાં મળેલી જીત એ સત્યની જીત નથી. એ તો લશ્કરી તાકાતની જીત છે, માટે યુદ્ધ કરવું યોગ્ય નથી."

આવા સંદેશા આપવામાં તનતોડ મહેનત કરનારા ધર્મગુરુઓ શાંતિનો વિચાર પ્રજામાં દ્રઢ કરવા માગતા હતા. કેમ કે બંને રાજ્યો વચ્ચે યુદ્ધ જાહેર થઈ ગયું હતું. કાયમ હિમાચ્છાદિત

રહેતા પર્વતને કારણે બંને દેશો પોતાની સરહદ નક્કી કરી શકતા ન હતા. અને સરહદના પ્રશ્ન માટે હંમેશા બન્ને રાજ્યો વચ્ચે ચકમક ઝર્યા કરતી હતી. ઈસ. ૧૯૦૦માં તો યુદ્ધ જાહેર થઈ ગયું. પણ યુદ્ધ શરૂ થવામાં થોડો વિલંબ થયો. કેમ કે પ્રભુ ઈસુના મરણ દુઃખ સહન સપ્તાહના લેન્ટના દિવસો ચાલી રહ્યા હતા. કદાચ આ "વિલંબ" બન્ને રાજ્યો માટે આશીર્વાદિત થનારો હશે. અને યુદ્ધને દૂર લઈ જનારા આ "વિલંબ"ના દિવસોની તક ધર્મગુરુઓએ ઝડપી લીધી. લોકોના માનસ ઉપરથી ધર્મનું ઝનૂન ભૂંસી કાઢી પ્રેમ અને શાંતિનો ઢોળ ચડાવવા તેઓ કટિબદ્ધ બન્યા હતા.

ખરેખર, થોડા જ દિવસોમાં લોકાના મન બદલાઈ ગયા. ઝનૂની વિચારોને બદલે તેઓ ક્ષમા અને પ્રેમની વાતો સ્વીકારવા લાગ્યા. બન્ને રાજાઓને પણ યુદ્ધ કરવું અનુચિત લાગ્યું. તેમણે આ પ્રશ્નનો ઉકેલ લાવવાનું કામ ઈંગ્લેન્ડના રાજાને સોંપ્યું. ઈંગ્લેન્ડના રાજાએ ચુકાદો આપ્યો કે આર્જેન્ટીના અને ચીલીએ પરસ્પર સમજૂતીથી સરહદનો પ્રશ્ન ઉકેલવો જોઈએ. છેવટે સારુ પરિણામ આવ્યું. પ્રશ્ન સરળતાથી ઉકલી ગયો. યુદ્ધમાં થનારી મોટી જાનહાનિ અને આર્થિક ખુવારી અટકી ગઈ.

લોકાના માનસ એટલા બધા બદલાઈ ગયાં કે માત્ર "યુદ્ધ કરવું નથી" તેવો જ નિર્ણય લઈને બેસી ન રહ્યાં. ભવિષ્યમાં પણ બન્ને રાજ્યો વચ્ચે યુદ્ધ ન થાય તે માટે પ્રભુ ઈસુનું મોટું સ્ટેચ્યુ બનાવવાનું નક્કી કર્યું.

યુદ્ધ માટે તૈયાર કરેલી તોપોના ભંગારમાંથી એક ભવ્ય સ્ટેચ્યું તૈયાર થયું. સિપાઈઓ દ્વારા તેને પર્વતના ઊંચા શિખર ઉપર લઈ

જવામાં આવ્યું. બન્ને રાજ્યોના લોકોએ બે દિવસ સુધી ઉજવણી કરી અને તેને ખુલ્લુ મૂકવામાં આવ્યું.

સ્ટેચ્યુની નીચે લખવામાં આવ્યું કે,

"પરમદુઃખભંજક પ્રભુ ઈસુના ચરણોમાં બેસીને આર્જેન્ટીના અને ચીલીની પ્રજાએ શાંતિ જાળવવાની જે પ્રતિજ્ઞા લીધી છે તે પ્રતિજ્ઞા તૂટે તે પહેલાં આ પર્વત માટીમાં મળી જશે."

બંને રાજ્યોમાં શાંતિ છવાઈ ગઈ.

આજે પણ આ સ્ટેચ્યુ અડીખમ ઊભું છે.

યુદ્ધમાં વિલંબ લાવનારી એક નાનકડી તક કેટલી આશીર્વાદિત બની ગઈ ! ન્યાયનો દિવસ આવવામાં પણ જે વિલંબ થઈ રહ્યો છે તે એક "સુવર્ણ તક" છે. તેને ઝડપી લઈ પ્રભુના રાજ્ય માટે ઘણાંને તૈયાર કરવા ઉપયોગી બનવાની પ્રતિજ્ઞા કરીએ. અને...થોડો "વિલંબ" આશીર્વાદિત બનાવવામાં આપણે પણ ભાગીદાર બનીએ.

## ◈◈ વિશ્વાસુપણું ◈◈

વિશાળ વિશ્વમાં રહેતો પ્રત્યેક માનવી સુખી જીવનની અપેક્ષા રાખે છે. સુખી થવું એટલે માત્ર આર્થિક રીતે સંપન્ન થવું એમ નહિ. આર્થિક રીતે સમૃધ્ધ ઘણી વ્યક્તિઓ દુઃખી દુઃખી જીવન ગાળે છે. તેમને માનસિક શાંતિ જરાય હોતી નથી. શાંતિભર્યા

જીવન માટે દરેક વ્યક્તિ ઈશ્વરની શોધ કર્યા કરે છે. ઈશ્વરને પ્રાપ્ત કરવા અથાગ પ્રયત્નો કરે છે. શારીરિક પીડા પણ સહન કરે છે.

ઈશ્વરને પ્રાપ્ત કરવા મથનાર માનવી ઈશ્વરનો ભક્ત કહેવાય છે. અને ભક્તમાં સત્યતા, પ્રેમ, ન્યાયીપણું, એકાગ્રતા, નમ્રતા, વિશ્વાસ જેવા ગુણો હોય છે. વિશ્વાસ ભક્તજનનો શ્રેષ્ઠ ગુણ છે. વિશ્વાસ અશકય બાબતોને શક્ય બનાવે છે. વિશ્વાસુપણું એ ભક્તનું અમૂલ્ય ઘરેણું છે.

વિશ્વાસ માટે પ્રભુઈસુએ શું કહ્યું હતું?

પ્રભુઈસુએ ઘણી વ્યક્તિઓના વિશ્વાસુપણાના વખાણ કર્યા હતાં. કાપરનાહૂમનો એક માનવંતો સુબેદાર, જેને ઘણા ચાકરો હતા. પરંતુ એક ચાકરને પક્ષઘાતની બીમારી થઈ ગઈ હતી. પ્રભુઈસુ પોતાના ગામમાં આવ્યાં છે તે જાણીને સુબેદારે માણસો દ્વારા કહેવડાવ્યું કે, "પ્રભુ તું મારા છાપરા તળે આવે તેઓ હું યોગ્ય નથી, પણ તું શબ્દ બોલ એટલે મારો ચાકર સાજો થશે."

પ્રભુએ તેના શિષ્યોને કહ્યું, "આટલો બધો વિશ્વાસ તો ઈસ્રાએલમાં પણ મારા જોવામાં આવ્યો નથી." અને ચાકરને સાજાપણું મળ્યું.

આજ રીતે એક કનાની સ્ત્રી, જેની દીકરી ભૂતથી પીડાતી હતી. તેણે હાંક મારીને દીકરીને સાજાપણું આપવા કહ્યું. પરંતુ પ્રભુ તો ઈસ્રાએલ પ્રજાના હિતમાં જ કાર્ય કરવા માંગતા હતા. તેથી પ્રભુએ કહ્યું, "છોકરાંની રોટલી કૂતરાને નાંખવી વ્યાજબી નથી." પરંતુ પેલી કનાનની સ્ત્રી તો વારંવાર આજીજી કરતી જ રહી. તે સ્ત્રી કનાનની હોવા છતાં તેને કેવો મોટો વિશ્વાસ છે તે

જોઈને પ્રભુએ કહ્યું, "બાઈ, તારો વિશ્વાસ મોટો છે. જેવું તું ચાહે છે તેવું તને થાઓ." અને એ જ ઘડીએ તેની દીકરી સાજાપણું પામી.

પોતાના ત્રણ ચાકરોને પાંચ, બે અને એક તાલંત આપીને પરદેશ ગયેલા માણસે પાછા આવીને જોયું તો પાંચ તાલંતવાળો બીજા પાંચ તાલંત કમાયો હતો. અને બે તાલંતોવાળો બીજા બે તાલંતો કમાયો હતો. એ જોઈને તેણે બંન્નેને શું કહ્યું, "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે; હું તને ઘણાં પર ઠરાવીશ; તું તારા પ્રભુના આનંદમાં પેસ."

આપણા પ્રભુએ આપણને પસંદ કર્યા છે. આપણને દરેકને કંઈકને કંઈક તાલંતો આપ્યાં છે. આપણે પહેલા તથા બીજા ચાકરની માફક કાર્ય કરવાનું છે. વિશ્વાસથી કાર્ય કરવાનું છે. જેથી આપણું વિશ્વાસુપણું તથા કાર્ય જોઈને આપણને પણ તેના આનંદના ભાગીદાર બનાવે. પણ ત્રીજા ચાકરની જેમ અવિશ્વાસુ બનીશું તો શું થશે? આપણને પણ ગાઢ અંધકારમાં કાઢી મુકાશે જ્યાં રડવું તથા દાંત પીસવું થશે.

બાઈબલમાં વિશ્વાસુ સેવકોના અસંખ્ય દાખલા છે. જો આપણે પણ વિશ્વાસુપણું પહેર્યું હશે તો અમૂલ્ય ચૌદ રત્નો આપણને પ્રાપ્ત થશે.

(૧) પવિત્ર આત્મા (૨) દેવનો પ્રેમ (૩) દેવનો આનંદ (૪) દેવનો મિલાપ (૫) ન્યાયીપણું (૬) વિવિધ કૃપાદાનો (૭) સ્થિરતા (૮) દેવનો મહિમા (૯) આશા (૧૦) દેવ સાથે સમાધાન (૧૧) ક્રોધથી બચાવ (૧૨) પાપોની માફી (૧૩) પવિત્રકરણ (૧૪) સનાતન જીવનનો મુગટ.

સેવકોને માટે પ્રભુએ કહ્યું છે કે, "દરેક કારભારીએ વિશ્વાસુ થવું જરૂરનું છે."

સેવિકાઓ માટે પણ લખ્યું છે કે, "સેવિકાઓ ગંભીર, નિંદાખોર નહિ, પરહેજગાર અન સર્વવાતે વિશ્વાસુ હોવી જોઈએ"

ઘાસનાં ફૂલની પેઠે જીવન કરમાઈ જાય તે પહેલાં પ્રભુમાં વિશ્વાસુ બનીએ, તારણ પામીએ અને જીવનનો મુગટ પ્રાપ્ત કરીએ.

## બદલાણ

કાશ્મીર એટલે પૃથ્વી પરનું સ્વર્ગ. ત્યાંના એક બગીચાના બાંકડા પર એક શ્રીમંત યુવાન બેઠો હતો. તે દુનિયાનો મશહુર ઠગ હતો. સામેની આવી રહેલી સુંદર યુવતીને તે નિહાળી રહ્યો હતો. તેના દેખાવ ઉપરથી તે ગર્ભશ્રીમંત લાગતી હતી. તેણે વિચાર્યું, આ સુંદર પર્સ ઉપર મારી કળા અજમાવું. પેલી યુવતીએ કાળા ગોગલ્સમાંથી યુવાનને જોયો. તેણે પણ વિચાર્યું, તેના ખિસ્સાને હળવું બનાવી દઉં.

યુવાન ઊભો થયો. બન્ને પોતપોતાની કળા અજમાવવા સાવ નજીકથી પસાર થયાં. અને...ક્ષણભરમાં બે હાથોએ પોતાનું કાર્ય પૂરું કર્યું. પરંતુ બે જ ડગલા ચાલ્યા પછી બન્નેએ જાણ્યું કે પોતે લુંટાયા છે. બંન્નેએ પાછળ જોયું. સમજી ગયાં કે કોઈ કોઈનાથી ઉતરે તેવા નથી. બન્નેએ ઓળખાણ કરી. યુવાન અમેરિકાના ગુંડા જગતનો બેતાજ બાદશાહ હતો.યુવતી સ્પેનની મશહુર ખિસ્સાકાતરું હતી. યોગ્ય પાત્ર લાગતાં બન્નેએ લગ્ન પણ કરી લીધા.

થોડાં વર્ષો પછી તેમને ત્યાં એક બાળકનો જન્મ થયો. માતાપિતાએ વિચાર્યું કે આ બાળકને ધંધામાં એવો નિપૂણ બનાવીએ કે દુનિયામાં કોઈ જ તેનાથી ચડિયાતો ન હોય પરંતુ માનવીની ઈચ્છા પ્રમાણે બધું થોડું જ થાય છે? ઈશ્વરની ઈચ્છા વિના ઝાડનું પાંદડું પણ હાલતું નથી. ત્રણ ત્રણ દિવસ થયાં છતાં બાળકની જમણા હાથની મુઠ્ઠી બંધ છે. ડોક્ટરોએ ઘણાં પ્રયત્નો કર્યા પણ વ્યર્થ.

આખરે એક માનસશાસ્ત્રીની સલાહ લીધી. તેણે માતા-પિતાના જીવનની માહિતી મેળવી લીધી. પછી એક કાચના બોક્સમાં બાળકને સુવડાવ્યું. ચારે તરફ સગાઓ, ડોક્ટરો અને માનસશાસ્ત્રી ઊભા છે. માનસશાસ્ત્રીએ એક સુંદર નેકલેસ બાળક સામે ધર્યો. બાળકની આંખો નેકલેસ સામે મંડાઈ. બીજી જ ક્ષણે જમણો હાથ ઊંચકાયો. મુઠ્ઠી ખુલી ગઈ. મુઠ્ઠીમાં નેકલેસ આવી ગયો અને તેમાંથી એક સોનાની વીંટી નીચે પડી ગઈ. બાળકના જન્મ સમયે હાજર રહી સેવા કરનાર નર્સની  તે વીટી હતી.

માનસશાસ્ત્રી ધાર્મિક હતો. તેણે વિચાર્યું, બાળકમાં ખૂબ શક્તિ છે. જો તેને યોગ્ય માર્ગે વાળવામાં નહિ આવે તો સમાજને માટે આફતરૂપ બનશે. તેણે માતાપિતાને કહ્યું કે આ બાળકને વીસ વર્ષ સુધી મારે માનસિક સારવાર આપવી પડશે. તેના માટે એક શરત પાળવી પડશે. બાળકને તમારાથી દૂર રાખવું પડશે. વર્ષમાં ફક્ત એક જ વાર તમે તેને મળી શકશો. માતાપિતાને શરત અઘરી લાગી. પરંતુ બાળકની સારવાર માટે મંજુર રાખી. વીસ વર્ષ પછી બાળક માતાપિતાને સોંપવું તેવા કરાર થયા.

મિશનરી દંપતિને આ બાળક સોંપવામાં આવ્યું. બન્ને બાળકને પ્રેમથી રાખે. રોજ તેને ગીતો ગવડાવે, બાઈબલની વાતો શીખવે. દેવળમાં લઈ જાય. અને આમ બાળકમાં ધાર્મિક સંસ્કારો ઉતરવા લાગ્યા.

માતાપિતા વર્ષમાં એકવાર બાળકને મળવા આવે. સુંદર સુંદર ભેટ લાવે, કપડાં લાવે, મીઠાઈ લાવે, રમકડાં લાવે. બાળકને જોઈને બન્નેને ખૂબ આનંદ થાય. આખો દિવસ સાથે રહે. બાળકની કાલીઘેલી ભાષા સાંભળવા તે કંઈક ને કંઈક વાતો કરાવે. બાળક પણ વર્ષ દરમિયાન જે જે ગીતો કે વાર્તાઓ શીખ્યું હોત તે બન્નેને સંભળાવે, માતાપિતા પણ બાળકની વાતો રસપૂર્વક સાંભળે. આખું વર્ષ તે વાતો યાદ કર્યા કરે.

જેમ જેમ બાળક મોટું થતું ગયું તેમ તેમ બાઈબલની વધારે વાતો તે શીખ્યું. જ્યારે તે યુવાન બન્યો ત્યારે પણ માતાપિતાને તે આવી જ વાતો કહેતો. ઈસુની વાતો. તેમના ચમત્કારની વાતો, દાઉદના રાજાની અને ભાતભાતની વાતો એ માતાપિતાને કહેતો. વળી કવાયરમાં શીખેલા મધુરા ભક્તિગીતો પણ વાજીંત્ર સાથે સંભળાવતો. માતાપિતાનો હર્ષ સમાતો ન હતો. ઘેર ગયા પછી પેલી સાંભળેલી વાતોનું જ મનન કર્યા કરે. એમ કરતાં કરતાં તેમના ચોરીના ધંધા ઉપરથી તેમનું મન ઊઠવા લાગ્યું. બાળકને નામચીન ચોર બનાવવાની તમન્ના ભૂલાઈ ગઈ. હવે તો બન્ને પ્રાર્થના કરવા લાગ્યા. બાઈબલ વાંચવા લાગ્યા.

આમ કરતાં કરતાં વીસ વર્ષ પૂરાં થયાં. કરાર પ્રમાણે યુવાનને તેના માતાપિતાને સોંપવાની તૈયારી થઈ ગઈ. એક શુભ

પ્રસંગની જેમ ઘણાં મહેમાનો એકત્ર થયા હતા. ભોજનની વ્યવસ્થા હતી. જો કે મિશનરી દંપતિના મોં ઉપર થોડી ઉદાસીનતા હતી. તેઓ ફરી એકલાં પડી જશે અને બાળકને પ્રભુનો સેવક બનાવવાની તમન્ના કદાચ અધુરી રહી જશે તેવી તેમને બીક હતી. પરંતુ કરાર આગળ તેઓ લાચાર હતા.

કેવી વિરોધાભાસી પરિસ્થિતિ? બાળકના માતાપિતા બાળકને મહાન ચોર બનાવવા ઈચ્છતા હતાં, જ્યારે તેના પાલક માતાપિતા તેને પ્રભુનો સેવક બનાવવા મથતા હતાં.

બધાંની વચ્ચે માતાપિતા ઊભા થયાં. તેમણે માનસશાસ્ત્રી તથા મિશનરી દંપતિનો ખૂબ ખૂબ આભાર માન્યો અને કહ્યું, "અમે અમારાં દીકરાને નાશને માર્ગે લઈ જવા ઈચ્છતા હતાં. તમે, હા તમે જ તેને બચાવ્યો છે. માત્ર તેને જ નહિ, અમને પણ બચાવ્યા છે. અમે તેને લઈ જવા આવ્યા નથી. અમારે પણ તમારી સાથે જ રહેવું છે. અમે પણ સુવાર્તાના કાર્યમાં જોડાવા માંગીએ છીએ. કેમ કે અમારી જેમ દુનિયામાં અગણિત માનવો નાશના માર્ગે જઈ રહ્યા છે, તે સૌને દેવનો સંદેશો અમારે પહોંચાડવો છે. બોલો,અમને પણ તમારી સાથે રહી સેવા કરવા દેશો?"

તેમની વાત સાંભળી મિશનરી દંપતિની આંખો ભરાઈ આવી. ઘરમાં આનંદ આનંદ છવાઈ ગયો. સુંદર ભોજન કર્યું. મહેમાનોને વિદાય આપી. અને 'પંચ ત્યાં પરમેશ્વર' એ પ્રમાણે પાંચ વ્યક્તિ પ્રાર્થના સાથે સુવાર્તાના કાર્યના આયોજનમાં તલ્લીન બની ગઈ. બારીમાંથી આવતો ચંદ્રનો શીતળ પ્રકાશ જાણે તેમને ઈશ્વરની અનુભૂતિ કરાવવા લાગ્યો.

## ◇◇ હામનો દિવ્ય પ્રેમ ◇◇

સૂના આકાશમાં દોડતી દોડતી અચાનક થંભી ગયેલી પારદર્શક વાદળીઓ અને પંખીઓનો ગભરાટભર્યો કલરવ, જાણે કંઈક અમંગલ બનવાનું હોય તેવો આજુબાજુ વ્યાપી ગયેલો અજંપો વાતાવરણને તદ્દન નિઃસ્તબ્ધ બનાવી રહ્યો હતો. ખેતરમાં આવેલા ઘેઘુર આંબાની છાયામાં ખાટલો ઢાળીને આડા પડેલા હામનું હૃદય અત્યંત ભયભીત હતું. આજે આવું શા માટે? હૃષ્ટપુષ્ટ શરીર વાળો હામ પ્હો ફાટતાં જ ખેતરે દોડી જતો. આખો દિવસ સખત મહેનત કરતો. મુશીબતો વચ્ચે ઝઝુમીને ખડતલ બનેલો હામ આજે ગમગીન કેમ? તેનું મન શા કારણે ધ્રુજી રહ્યું છે?

હામના જીવનમાં મુસીબતો વિના બીજુ છે પણ શું? નાનપણમાં પિતાની છત્રછાયા ગુમાવી. ઘરની જવાબદારી શિરે આવી પડી. નાની બહેનને મોટી કરી પરણાવી. બિમાર માતાની ચાકરી કરી. લગ્નના બીજા જ વર્ષે પત્નીને આવેલા ભયંકર તાવે તેને અપંગ બનાવી દીધી. આવી મુસીબતો વચ્ચે એકલો જ અથડાતો-કૂટાતો હામ એક દિવસ માનસિક રીતે ભાંગી પડ્યો. તે મરવા તૈયાર થઈ ગયો. નદીમાં ડૂબી મરવાની ધૂનમાં ને ધૂનમાં તે જઈ રહ્યો હતો. અચાનક સામે એક પરિચિત વ્યકિત મળી. હામની હૃદયવેદના જાણીને તેણે સમજાવ્યું, "જીવનમાં વિસંવાદો તો હર પળે, હરસ્થળે, હર બાબતે થવાનાં જ. તેનો ઉકેલ શાંતચિત્તે લાવવો જોઈએ. કોઈ અઘટિત વિચાર કરવો એ આપણી કાયરતા કહેવાય." અને હામે કાયર બનવાનું માંડી વાળ્યું.

હામની જીવનવાડીમાં સુખનું એકાદ વૃક્ષ પણ ઉછર્યું નહી. અરે, સુખની કલ્પના પણ તેને માટે દુષ્કર હતી. ઘણીવાર સારા પ્રસંગે ક્યાંક જવાનું થાય તો પણ આનંદની છોળો વચ્ચે બિમાર માતા અને અપંગ પત્નીને તે લઈ જઈ શકતો નહીં. સામાન્ય સ્થિતિનો હામ નાનો હતો ત્યારે અકવાર પ્રભુમંદિરમાં તેણે બારેક વર્ષના એક બાળકને ધર્મગુરુઓથી વીંટળાયેલો જોયો હતો. તેનું તેજોમય દિવ્ય પ્રકાશથી છવાયેલું મુખ હામના હૃદયમાં વસી ગયું હતું. તેને શાંતિ લાગી. પરંતુ પછી તે બાળક તેના જોવામાં ન આવ્યું. છતાં બાળક તેને શાંતિ આપતું રહ્યું.

ઘણાં વર્ષો પછી એકવાર ટેકરી પર બેસીને બોધ કરી રહેલા એક માનવને તેણે જોયો, કુતુહલવશ તે ત્યાં દોડી ગયો. તેણે સઘળી વાતો સાંભળી તેને સમજતાં વાર ન લાગી કે પેલો બાળકે તે જ આ પ્રભુ ઈસુ પોતે જ છે. પછી તો જ્યારે જ્યારે પ્રભુ તેના ગામમાં આવે ત્યારે ત્યારે તે તેમના વચનો સાંભળવા દોડી જતો. કોઈવાર પ્રભુ ગામમાં હોવા છતાં કૌટુંબિક પરિસ્થિતિને કારણે જઈ ન શકે તો તે રડીને પ્રાર્થના કરતો કે, "પ્રભુ તું મને માફ કર તને મળવાનું, તારી સાથે વાત કરવાનું અને તારી વાણી સાંભળવાનું મને ગમે છે. પણ સમય અને સંજોગો મને તારી પાસે આવવા દેતા નથી."

પ્રભુમય બનેલા હામને ખબર હતી કે દુશ્મનો પ્રભુને મહાત કરવા કાવાદાવા કરી રહ્યા છે. આવા વિચારોના વમળમાં ખોવાયેલો હામ કોઈ કોલાહલ સાંભળી બેઠો થયો. ધીમે ધીમે નજીક આવતો કોલાહલ વાતાવરણની નિસ્તબ્ધતાના પડદાને જાણે કે ચીરી રહ્યો હતો. દૂરથી ટોળું આવી રહ્યું હતું. "મારો, મારો, ક્રૂસે જડો, જુઓ

યહૂદી રાજા" જેવી બૂમો સાંભળી તે અવાક બની ગયો. તે ટોળાની નજીક પહોંચ્યો. ખભા પર ક્રૂસ ઊંચકીને ચાલતાં ઠોકરો ખાઈને બેવડ વળી ગયેલા ઈસુને જોઈ તે હામ હારી ગયો. માથા પર કાંટાનો તાજ એવો તો ખૂંપી દીધો હતો કે ચારેબાજુથી લોહીની ધાર વહી રહી હતી. ખુલ્લા પગોમાં ઉઝરડા પડી પડીને લોહીની ટશરો ફૂટી નીકળી હતી. તેમની પાછળ કેટલીક સ્ત્રીઓ રૂદન કરતી કરતી ચાલી રહી હતી. અચાનક પાછળ ચાલતા સિપાઈએ જોરદાર ચાપૂક વીંઝી. ઉઘાડા બરડા પર પડેલા સાટકાના જોરદાર અવાજે હામને વધુ ભયભીત બનાવ્યો. હજુ તો વિચારતો હતો ત્યાં જ લાલચોળ બનેલા ખુલ્લા બરડા પર બીજો ચાબખો પડ્યો. છતાં ઈસુના મુખમાંથી દુઃખનો કોઈએ જ ઊંહકાર નીકળતો ન હતો. ઉપરા ઉપરી પડતા સાટકાના અવાજથી એક સૂર ગૂંજી રહ્યો હતો. "દેવની ભવિષ્યવાણી પૂરી થવા માટે આ બધું થવું જરૂરી છે." પછી તો કોઈ તેની પર થૂંક્યા. કોઈ તેની ઠેકડી ઉડાવી. આવી દશા તે વધારે વાર જોઈ ન શક્યો. તેને ચક્કર આવવા લાગ્યા. બધાંની હડફેટે ચડતો ક્યારે ભાન ભૂલીને જમીન પર ફસડાઈ પડ્યો તેની ખબર ન પડી.

જ્યારે તે ભાનમાં આવ્યો ત્યારે ચારેબાજુ અંધકાર છવાઈ ગયો હતો. બધું પૂરું થઈ ગયું હતું. તે ઢસડાતો ઢસડાતો આગળ વધ્યો. દૂર ટેકરી પર ઊભા કરાયેલા ત્રણ વધસ્તંભ તેણે જોયાં. તેજસ્વી પ્રકાશથી છવાયેલા વચ્ચેના વધસ્તંભ પર ઈસુનો નિશ્ચેતન દેહ લટકી રહ્યો છે તેની ખાતરી થઈ ગઈ. તેનું ભોળું નિર્દોષ હૃદય આ ઘા ઝીલી શક્યું નહિ. તેને થયું. "મારા પ્રાણ પણ શા માટે ટકી

રહ્યા છે?" ફરીથી તે બેભાન બની ગયો. વધસ્તંભ પરનો તેજસ્વી પ્રકાશ તેની બેભાન આંખોએ પોતાના તરફ આવતો દીઠો. તેનું મુખ તેજથી છવાઈ ગયું. તેનું શરીર નિશ્ચેતન બની ગયું. જાણે કે સ્વર્ગના સોનેરી સપનામાં હામ સદાને માટે ખોવાઈ ગયો.

## ◈◈ બાળપણનો સમય ◈◈

યરોહામના દીકરા એલ્કાનાહની પત્ની હાન્નાને બાળકો ન હતાં. તેથી તે દુઃખી હતી. પરંતુ પ્રભુ પાસે તેણે રડીને પ્રાર્થના કરી અને તેના વિશ્વાસથી તેને દીકરો જન્મ્યો. તે જ શમુએલ. તે ત્રણ વર્ષનો થયો એટલે તેણે યહોવાની સેવા માટે એલીને સોંપી દીધો.

એલીના દીકરા બલીયઆબને પુત્રો હતા. તે યહોવાને ઓળખતા ન હતા. જ્યારે શમુએલ બાળપણથી જ યહોવાની સેવા કરતો હતો. અને બાળક શમુએલને યહોવાની વાણી સંભળાઈ. હા, યહોવાએ બાળક શમુએલ સાથે વાત કરી. એ ઉપરથી બાળક શમુએલ કેવો હશે તે કલ્પી શકાય છે. નિર્દોષ, ભોળો, વિશ્વાસુ, આજ્ઞાધીન, દેવની સેવા કરનાર.

ખ્રિસ્તી કુટુંબમાં જન્મેલા દીકરા-દીકરીઓનું બાળપણ આજે કેવું છે?

- ટી.વી.થી દૂર જવું તે તેમને ગમતું નથી.
- મોજશોખમાં પૈસાનો દુર્વ્યય કર્યા કરવો.
- મા-બાપનું સન્માન કરવું ગમતું નથી. તેમની આજ્ઞા પાળવી નથી. ઉપરથી તેમની સામે બોલવું છે.

- તેમનામાં સેવાની ભાવના હોતી નથી.
- સ્વાર્થ, અહ્‌મ અને ગર્વની ભાવનાથી ભરેલા તેમના હૃદયો માત્ર જગિક વાનાંનો જ લોભ રાખે છે. નાની નાની વાતમાં જુઠ્ઠું બોલવાની ટેવ પડેલી હોય છે.
- અને દીકરાઓ....
- મોંની બખોલમાં ગુટખા જેવી પડીકીઓ ખાલી કરતા શરમ અનુભવતાં નથી.
- ઘણાં તો દારૂની લ્હેજત માણતા થઈ જાય છે.
- અરે, ગયેલો સમય પાછો આવતો નથી.

જો ઉપરની બાબતોમાંથી એકાદ બાબત પણ આપણા બાળપણને સ્પર્શતી હશે, તો સમજી લેવું કે નર્કનો વિઝા આપણને તાત્કાલિક મળી જવાનો. જો કે આ પ્રકારનો વિઝા કોઈ માગતુ નથી. શેતાન બળજબરીથી આપણાં હાથમાં પકડાવી દેવા ટાંપી રહ્યો છે. અને પછી શેતાનની એ ચુંગાલમાંથી ક્યારેય છટકાતું નથી. છેવટે...બાળપણ...યુવાની...પ્રોઢાવસ્થા...વૃદ્ધાવસ્થા અને મરણ. નર્કના દ્વાર આપોઆપ ખૂલી જશે અને ગુરુત્વાકર્ષણબળની જેમ આપણને એમાં ખેંચી લેશે.

જો આ વિચારોથી હૃદય હચમચી ગયું હોય તો સમજી લેવું કે જીવનનો રસ્તો બદલવા મન તૈયાર થયું છે અને માટે....?

- હંમેશા બાઇબલ વાંચી પ્રાર્થના કરવી.
- નિર્દોષ બનવું. ભોળા બનવું.
- જૂઠ, કપટ, ચોરી, અહંકાર વગેરે દૂષણોને જીવનમાંથી હાંકી કાઢવા.
- સેવાની ભાવના રાખવી.
- પ્રભુમાં વધુ વિશ્વાસુ બનવું.

- પ્રભુની આજ્ઞાને અનુસરવું.

- અને પછી ?.......જો જો.....

નર્કનો વિઝા આપનાર શેતાન તમારી પાસેથી દૂર જતો રહેશે. જીવનમાં શાંતિનો અનુભવ થશે અને પ્રભુ તમારા માથા ઉપર હાથ મૂકીને કહેશે કે, "દીકરા તું જરૂર સ્વર્ગનો વારસ બનશે."

આપણા જીવનનો બાળપણનો સમય શું વ્યર્થ નથી જતોને !

## ◈◈ શ્રેષ્ઠ જીવન જીવવાની ચાવી ◈◈

નાનું બાળક એટલે ઈશ્વરનું રૂપ. જેમ જેમ તે મોટું થતું જાય તેમ તેમ જગતની વસ્તુઓ તરફ તેનું ધ્યાન કેન્દ્રિત થતું જાય છે. વળી અમુક બાબતો તરફ તેની રૂચિ વધતી જાય છે. ઘરમાં નાના બાળકને ધ્યાનપૂર્વક જોઈશું તો ખ્યાલ આવશે કે તેને અમુક બાબતો ગમે છે, અમુક બાબતો ગમતી નથી.

બાળક ચાલતું કે દોડતું થાય ત્યારથી જ તેને કઈ બાબત પ્રત્યે વધુ રસ છે તે જાણી શકાય છે. કોઈ રંગબેરંગી, નાની મોટી વસ્તુઓનો સંગ્રહ કરે છે, તો કોઈ લખોટી, ક્રિકેટ કે ગિલ્લીદંડા જેવી રમતો રમવાની ઈચ્છા વધુ રાખે છે. કોઈને ગાવાનું ગમે છે, તો કોઈને વગાડવાનું. કોઈને ચિત્ર દોરવાનો વધુ શોખ હોય છે, તો કોઈને ફરવાનો. અરે, ઘણાં બાળકને તો પોતાના સુંદર કિંમતી રમકડાં કેવી રીતે બનેલા છે તે જાણવાની તીવ્ર ઈચ્છા હોય છે અને તેથી જ તક મળે તેને તોડી નાખીને તેનું ઝીણવટથી નિરીક્ષણ કરે છે.

મારા ઘરની જ વાત કરું. મારા દીકરાના ૪ વર્ષનો દીકરા કેનીને ચિત્ર દોરવાનો ભારે શોખ, એથી યે વિશેષ તો તેને વાર્તા કહેવાનો વધુ શોખ. એક વાત શરૂ કરી હોય પછી તેને બીજી વાત સાથે, ત્રીજી વાત સાથે જોડી જોડીને આખી વાર્તા બનાવી દે. કહેતા થાકે નહિ. દીકરીનો બે વર્ષનો દીકરો નોએલ ક્રિકેટ રમવાનો ભારે શોખીન. બેટીંગ તો તેનું જ. અને ઘણાં ક્રિકેટના શબ્દો તેને આવડી ગયા છે.

આવા જ એક નાના બાળકની વાત છે. લંડન શહેરમાં ચાર્લ્સ નામનો બાળક. ગરીબ કુટુંબમાં જન્મેલો. ચાર વર્ષનો હતો ત્યારે જ તેણે પોતાના પિતાને જેલમાં લઈ જવાતા જોયા હતા. કેમ કે પિતાએ અઢળક દેવું કરી દીધું હતું.

ત્યારપછી તો ઘરમાં ખાવાના સાંસા પડવા લાગ્યા. થોડા સમય પછી તેણે એક ગોદામમાં નોકરી સ્વીકારી. અંધારા ઓરડા જેવા ગોદામમાં પડેલા માલ ઉપર લેબલ લગાવવાનું કામ તેણે કરવાનું હતું. ગોદામમાં અંધારું અને મોટા મોટા ઉંદરો ની દોડાદોડી. ગમે તે થાય, પરંતુ આ કામ કરે તો જ ઘરમાં સભ્યોને કંઈક ખાવાનું મળી રહે.

નાની ઉંમર છતાં પૂરી ધગશથી તે કામ કરતો હતો. બપોરે જમવાના સમયમાં તે આરામ કરતો નહિ. તેને લખવાનો શોખ હતો. કાગળ અને  પેન સાથે જ રાખતો. જુદા જુદા વિષય પર તે નિબંધ લખતો. લખેલા કાગળ  તે સંતાડી રાખતો. તને ડર હતો કે લોકો તે વાંચીને તેની ઠેકડી ઉડાડશે.

એકવાર એવું બન્યું કે તેણે લખેલા કાગળ કોઈ છાપાવાળાના હાથમાં આવી ગયા. તેણે પેપરમાં છાપ્યાં. પછી  તો તેની બોલબાલા

વધી ગઈ. પોતાના નિબંધો આટલાં બધાં ગમશે તેની સ્વપ્નેય કલ્પના નહોતી.

સમય જતાં તેને સારી નોકરી મળી. પગાર વધ્યો. નવરાશના સમયમાં તે લખવાનું કાર્ય કર્યા કરતો. એક દિવસ વિશ્વના મહાન નિબંધ લેખક તરીકે જાણીતો બન્યો. તે બાળક હતો ચાર્લ્સ ડીકન્સ.

પોતાની વિષમ પરિસ્થિતિમાં તે દારૂ, જુગાર જેવી ખરાબ બાબતોમાં ફસાઈ ગયો હોત તો જીવન ધૂળ જેવું બની જાત. પરંતુ વિકટ પરિસ્થિતિનો સામનો કરતાં કરતાં તેણે લખવાનો શોખ જાળવી રાખ્યો. પરિણામે તે મહાન બની શક્યો.

જીવનના ફાજલ સમયનો યોગ્ય ઉપયોગ થાય તો જીવન જરૂર ધન્ય બની જાય. "કોઈપણ પરિસ્થિતિમાં સારો શોખ કેળવવો એ શ્રેષ્ઠ જીવન જીવવાની ચાવી છે."

## ◈◈ સાચો મિત્ર ◈◈

ધરમચંદ નામનો શ્રીમંત વેપારી. ગામમાં તેમની ભારે પ્રતિષ્ઠા. શ્રીમંત હોવાને નાતે ગામના અધિકારીઓ સાથે તેને મિત્ર જેવો સંબંધ હતો.

નામ હતું ધરમચંદ. પણ જીવનમાં ધર્મનો છાંટોય ન મળે. અધિકારીઓની રહેમ નજર હેઠળ તેનો દાણચોરીનો વેપાર ચાલ્યા કરે. ઘડિયાળ, વિદેશી કપડાં, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ, કોમ્પ્યુટર, વગેરેનો તે વેપાર કરે.

જીવનમાં તેને અઢળક સુખ પ્રાપ્ત થયું હતું. ઘરની સુવિધામાં

કોઈ કમી નહોતી. એશઆરામ કરવો તે જ તેનું મુખ્ય કામ હતું. તમામ પ્રકારની સુખસગવડો તેના ઘરમાં હતી. પણ એક દિવસ પાપનું પોટલું છૂટી ગયુ. પોલીસના માણસોએ દરોડો પાડ્યો. વિદેશી વસ્તુઓ અને બે નંબરી નોટોની થપ્પીઓ પકડી પાડવામાં આવી. જેલના સળિયા પાછળ તે ધકેલાઈ ગયો.

એના જીવનમાં ધરતીકંપ આવી ગયો. એંસી મણની તળાઈમાં સુતેલો શેઠ નીચે શેતરંજી ઉપર સૂઈ ગયો. એકપણ મિત્ર દેખાતો જ નથી, તેનો અફસોસ થયો.

ક્યાં ગયા એ મિત્રો? રોજ ઉછીના પૈસા લેવા આવતા હતા, મળવા માટે આવતા હતા, દુકાનમાંથી વસ્તુઓ સસ્તા ભાવે મેળવવા આવતાં હતા. જેલની ગરમ ગરમ હવામાં તેને બાળપણની વાતો યાદ આવી. સન્ડેસ્કૂલમાં શીખેલી વાર્તાઓ યાદ આવી.

હા, મેં કલમ મોઢે કરી હતી કે, "ધન ઘણાં મિત્રો વધારે છે."અને મારા કેટલા બધાં મિત્રો હતા. બધાં જ છટકી ગયા?

હવે હું તમારા બધા પાસેથી છટકી જઈશ. મારા પ્રભુ ઈસુને હું સાચો મિત્ર બનાવીશ. તેણે તો મારા પાપોને કાજે શહીદી વહોરી. અને ખૂબ દુઃખ સહન કર્યુ. પરંતુ હું તેને ભૂલી ગયો હતો.

જાગ્યા ત્યાંથી સવાર. ચાલો મારી ભૂલનો પસ્તાવો કરી લઈશ અને હવેથી મારો સાચો મિત્ર એક જ હશે, "પ્રભુ ઈસુ ખ્રિસ્ત."

જોત જોતામાં જેલના દિવસો પૂરા થઈ ગયા. તે ઘેર આવ્યો. તેણે જૂના મિત્રોને છોડી દીધાં. તેના જીવનમાં શાંતિ સ્થપાઈ ગઈ. ક્યારેય ન મળી હોય તેવી મીઠી ઉંઘ તેને મળી. કારણ?

તેણે પ્રભુ ઈસુને સાચા મિત્ર તરીકે સ્વીકારી લીધા.

## ◈◈ નવી દિશા ◈◈

નિરાશાથી ઘેરાયેલો એક જીવ,
તળાવને કિનારે
ઊભો છે સાવ સ્તબ્ધ બનીને.
શરીરે તંદુરસ્ત હોવા છતાં,
સાંસારિક ખટપટોથી ત્રાસીને
જીવન ટુંકાવી નાખવાના મક્કમ નિર્ધાર સાથે
તળાવ તરફ આગળ વધતા વધતાં
અચાનક -
તેની દષ્ટિ થીજી ગઈ
પાણીની સ્થિક સપાટી ઉપર.
સ્વચ્છ પાણીની શાંત સપાટી ઉપર
દેખાયું એક પ્રતિબિંબ.
ટેકરી ઉપર બંધાયેલા ચર્ચની ટોચ ઉપરના.
વધસ્તંભનું પ્રતિબિંબ.
અને યાદ આવી ગયો -
કાલવરીની ટેકરી ઉપર ઊભો કરાયેલો,.
સાવ નિર્દોષ ઈસુના નિશ્ચેતન દેહને ઊંચકીને ઊભેલો
એ વચ્ચેનો વધસ્તંભ.
તેનો અડગ નિશ્ચય ડગી ગયો.
પાછા પગે ખસીને તળાવના પાણીથી દૂર જઈને ઊભો.
હાથ જોડી, આકાશ સામે જોતાં તે બોલ્યો.
"હે ઈશ્વર!

સ્વર્ગીય સુખ છોડીને પૃથ્વી પર જન્મ લઈ અમારાં

પાપોને કાજે તમે ક્રૂસે વીંધાયા.

અને હું એક નરાધમ પાપી!

આમ મરવા નીકળી પડ્યો?

પ્રભુ મને માફ કરો આજથી હું મારા માટે નહિ, તમારા માટે જીવીશ. મારા હરેક વિચાર, મારા હરેક કાર્યો ફક્ત તમારા મહિમાને માટે જ હશે"

અને

પ્રભુ માટે જીવવાનો દૃઢ નિર્ણય કરી આનંદભર્યા ડગ ભરતો નવી દિશા તરફ ચાલવા લાગ્યો.

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

### જીવન ચરિત્રો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦-૦૦ |
| ૨ | ગુરુને ચરણે | ૧૦-૦૦ |
| ૩ | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૪ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૫ | ડી.એલ.મૂડી | ૧૦-૦૦ |
| ૬ | ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |
| ૭ | વિલ્યમ કેરી | ૧૫-૦૦ |
| ૮ | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૯ | પંડિતા રમાબાઈની સાક્ષી | ૨૦-૦૦ |
| ૧૦ | ડૉ.ઈ.સ્ટેન્લી જોન્સ | ૩૦-૦૦ |
| ૧૧ | ચાર્લ્સ સ્પર્જન | ૫૦-૦૦ |
| ૧૨ | સાધુ સુંદરસિંગ(ગ્રંથ) | ૧૨૫-૦૦ |
| ૧૩ | ડેવિડ બ્રેઇનર્ડ | ૨૦-૦૦ |

### મનન

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨ | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૩ | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪ | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૫ | ઉપલીમેડી દૈનિક પ્રકાશ | ૩૦-૦૦ |
| ૬ | ઉપલીમેડી દૈનિક મનન | ૬૦-૦૦ |

### બાળકો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | બાલબલની સરળ વાર્તા | ૧૦-૦૦ |
| ૨ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૩ | ઝેરાહ | ૧૫-૦૦ |
| ૪ | સપના ઉકેલનાર યોસેફ | ૧૫-૦૦ |
| ૫ | વ્હાલા પંખીડા | ૧૫-૦૦ |
| ૬ | આઝાદીનો લડવૈયો | ૧૨-૦૦ |
| ૭ | વાટને વિસામે | ૪૦-૦૦ |
| ૮ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૯ | રાજાનો કેદી દાનીએલ | ૧૫-૦૦ |
| ૧૦ | ક્લરવ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૧ | ક્લશોર | ૨૦-૦૦ |
| ૧૨ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૧૩ | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૧૪ | બાઈબલ ક્વીઝ | ૩૦-૦૦ |
| ૧૫ | ક્લરવ | ૨૫-૦૦ |
| ૧૬ | બહાદુર ગોવાળિયો | ૩૦-૦૦ |
| ૧૭ | આવો ભૂલકા | ૫૦-૦૦ |
| ૧૮ | પતંગિયા | ૩૫-૦૦ |
| ૧૯ | ફૂલડાની ફોરમ | ૨૦-૦૦ |
| ૨૦ | સોનેરી કિરણો | ૪૦-૦૦ |

### બાઇબલ સેમીનરી

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૩ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૩ | ૩૫-૦૦ |
| ૪ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૫ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦-૦૦ |
| ૬ | ધર્મનું તત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| ૭ | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૭૫-૦૦ |
| ૮ | પિતૃઓના કૂવા | ૩૫-૦૦ |
| ૯ | રેલો અને ગીતો | ૩૫-૦૦ |
| ૧૦ | વધસ્તંભના સાત વચન | ૧૫-૦૦ |
| ૧૧ | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦-૦૦ |
| ૧૨ | ક્રોસ કથાના પાત્રો | ૧૦-૦૦ |
| ૧૩ | આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૪ | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૭ | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૮ | જન સામન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૯ | દાઉદ ભકતના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦-૦૦ |
| ૨૦ | પવિત્ર આત્મા વિષે સમજ | ૫૦-૦૦ |
| ૨૧ | નાઝરેથનો ઈસુ | ૧૫-૦૦ |
| ૨૨ | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૭૫-૦૦ |

## નવલિકા

| | | |
|---|---|---|
| ૧ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦-૦૦ |
| ૨ | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩ | ચિરાયેલો પડદો | ૩૦-૦૦ |
| ૪ | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |
| ૫ | ક્વો-વાડીસ | ૩૦-૦૦ |
| ૬ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૭ | ધી-રોબ્ | ૩૫-૦૦ |
| ૮ | કલ્યાણી | ૧૦-૦૦ |
| ૯ | ટૈટસ | ૩૫-૦૦ |
| ૧૦ | માણસ એ કોણ છે | ૧૦-૦૦ |
| ૧૧ | અરમાન નાટય સંગ્રહ | ૪૦-૦૦ |
| ૧૨ | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૧૩ | યાત્રાકારી ભાગ-૧ | ૨૦-૦૦ |
| ૧૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૧૫ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૧૬ | યોનેકો | ૧૫-૦૦ |
| ૧૭ | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૮ | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | હૃદય પલટો વિશ્વપલટો | ૧૦-૦૦ |
| ૨૦ | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૨૧ | શરણાગતિ | ૨૦-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | યુવાવસ્થા સોનાની ખાણ | ૧૫-૦૦ |
| ૨ | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫-૦૦ |
| ૩ | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫-૦૦ |
| ૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૫ | વેસ્લીયન પ્રણાલી મુજબનું ભકિતયુક્ત જીવન | ૧૫-૦૦ |
| ૬ | સ્ત્રી-પુરૂષ સંબંધ | ૨૦-૦૦ |
| ૭ | પ્રભુ જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય | ૧૦-૦૦ |
| ૮ | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૯ | ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૧૦ | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૧૧ | સ્વર્ગ યાત્રા | ૨૦-૦૦ |
| ૧૨ | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૧૩ | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦-૦૦ |
| ૧૪ | ઇશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫-૦૦ |

## કોમેન્ટરી

| | | |
|---|---|---|
| ૧ | કાળવૃતાંતનો સંદેશ | ૧૨૫-૦૦ |
| ૨ | પ્રેષિતોના કાર્ય ધ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૩ | ફિલિપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૫ | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૬ | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૭ | ઉત્પત્તિનો સંદેશ ૧૨ થી ૫૦ | ૪૦-૦૦ |
| ૮ | હિબ્રૂઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૯ | અયૂબ | ૬૦-૦૦ |
| ૧૦ | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૧ | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૧૩ | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઇસુખ્રિસ્ત | ૨૫-૦૦ |
| ૧૪ | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | દુ:ખ દ્વારા શિક્ષણ | ૧૦-૦૦ |
| ૨ | મને પ્રાર્થના કરતાં શીખવો | ૨૫-૦૦ |
| ૩ | પવિત્ર યુદ્ધ | ૧૦૦-૦૦ |
| ૪ | રશિયા ઇઝરાયેલ અને બાઇબલ | ૪૦-૦૦ |
| ૫ | ક્રોસ કથાના પાત્રો | ૨૦-૦૦ |
| ૬ | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |
| ૭ | સૂર-સંદેશ | ૨૦-૦૦ |
| ૮ | મિલેનિયમનો સ્વામી | ૨૫-૦૦ |
| ૯ | એસ્તર | ૨૦-૦૦ |
| ૧૦ | અનેક માની આસુંભરી પ્રાર્થનાના પરિણામ | ૩૦-૦૦ |
| ૧૧ | અંતરના અજવાળા | ૨૫-૦૦ |
| ૧૨ | ભલો ભરવાડ | ૨૦-૦૦ |

# લેખકનો પરિચય



## શ્રીમતી ક્લેરાબહેન ટી. ક્રિશ્ચિયન

વર્ષોથી ક્લેરાબહેન બાળકો મધ્યેની સેવામાં પ્રવૃત છે. બાળકો મંડળીના હોય કે, શાળાના તેઓની સેવા બન્ને સ્થળોએ ખૂબ મહત્વની રહી છે.

ઈશ્વરે ક્લેરાબહેનમાં બાળકો મધ્યેની સેવા માટે ખાસ તાલંતો મૂક્યા છે. જેનો તેઓએ પ્રભુના મહિમા માટે ભરપૂર ઉપયોગ કર્યો છે અને કરી રહ્યા છે. ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના બાળકો માટેના મેગેઝીન બાલવાડી (સમાજનું બાળકો માટેનું એકમાત્ર મેગેઝીન)ના તેઓ તંત્રીમંડળના સભ્ય રહ્યા છે.

પ્રભુ શ્રીમતી ક્લેરાબહેન ટી. ક્રિશ્ચિયનની હવે પછીની સાહિત્ય અંગેની તમામ સેવાઓને ખૂબ આશીર્વાદીત કરે એ જ પ્રાર્થના અને શુભેચ્છા છે.

રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી


Published and Distributed by:
GUJARAT TRACT AND BOOK SOCIETY
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad - 380006. INDIA
Phone : 26445281 E-mail : gtbs_1852@yahoo.co.in